જાગૃતિ સંદેશ

Price : 5/-
Total Page : 28
JAGRUTI SANDESH
Vol 15 Issue No. 06 - Mumbai June 2015

પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર



જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ
તથા
જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ

દ્વારા આયોજિત

જૈન સમાજના દરેક ફિરકાઓને આવરી લેતો

૨૧મો સમૂહલગ્નોત્સવ

દિનાંક : રવિવાર, તા. ૨૦-૧૨-૨૦૧૫

સ્થળ : પોલીસ પરેડ ગ્રાઉન્ડ, ઘાટકોપર (ઈસ્ટ)

સહયોગી

મુખ્ય દાતા	: શ્રી નીતિનભાઈ મનસુખલાલ સંઘવી
ભોજન દાતા	: શ્રી રમેશભાઈ પ્રેમચંદભાઈ મહેતા
સજાવટના દાતા	: શ્રી જયરાજભાઈ તારાચંદભાઈ દેવાણી

ઈન્ટર સેન્ટર ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૧૬

આયોજન : તા. ૮, ૯, ૧૦ જાન્યુઆરી-૨૦૧૬

સ્થળ : ગોરેગાંવ સ્પોર્ટ્સ ક્લબ ગ્રાઉન્ડ

જેજેસીના દરેક સેન્ટરને આ ટુર્નામેન્ટમાં ભાગ લેવા આમંત્રણ છે.
ટુર્નામેન્ટના રૂલ્સ-રેગ્યુલેશન વિશે વિસ્તૃત માહિતી જે ટીમ ભાગ લેવાની છે
તેઓને અનુકુળ સમયે આપવામાં આવશે. દરેક સેન્ટરને પ્રૅક્ટિસ ચાલુ કરી દેવાની સલાહ છે.

જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬
www.jainjagruti.com
E-mail : admin@jainjagruti.com
editor@jainjagruti.com

માનદ્ તંત્રી : **શ્રી રમેશ એમ. સંઘવી**
સહતંત્રી : **શ્રી અશોક એ. શાહ**

કેબિનેટ કમિટી

ચૅરમૅન	:	શ્રી રમેશ જે. મોરબિયા
તા.ભૂ.પૂ.ચૅરમૅન	:	શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી
ફાઉન્ડર ચૅરમૅન	:	શ્રી ચીમનલાલ એસ. ગોસલિયા
વાઈસ ચૅરમૅન	:	શ્રી સંજય બી. શાહ
		શ્રી દીનેશ એલ. નાણાવટી
સેક્રેટરી જનરલ	:	શ્રી પ્રફુલ્લ વી. કામદાર
સેક્રેટરી	:	શ્રી કિશોર એસ. શેઠ
		શ્રી જયંતીલાલ કે. છાડવા
		શ્રી ઉદય ડી. સંઘવી
		શ્રી દ્વિજેશ પી. શાહ
ડેવલપમેંટ સેક્રેટરી	:	શ્રી અનિલ જી. દોશી
ખજાનચી	:	શ્રી રાજેશ સી. ગાંધી
		શ્રી રાજેશ આર. ભણસાલી
તંત્રી	:	શ્રી રમેશ એમ. સંઘવી

જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ-કમિટી

ચૅરમૅન	:	શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી
તા.ભૂ.પૂ.ચૅરમૅન	:	શ્રી કિશોર એન. શાહ
વાઈસ ચૅરમૅન	:	શ્રી ચંદ્રવદન આર. શાહ
વાઈસ ચૅરમૅન	:	શ્રી રમેશ જે. મોરબિયા
સેક્રેટરી	:	શ્રી સંજય બી. શાહ
સેક્રેટરી	:	શ્રી પ્રફુલ્લ વી. કામદાર
ખજાનચી	:	શ્રી હસમુખ કે. દેઢિયા

: ટ્રસ્ટીઓ :

શ્રી પ્રવીણ જી. શાહ	શ્રી કમલેશ સી. શાહ
શ્રી કિશોર એસ. શેઠ	શ્રી હર્ષદ જે. ગાંધી
શ્રી જયંતી કે. છાડવા	શ્રી નીતિન એમ. સંઘવી
શ્રી રસિક એન. કોઠારી	શ્રી શૈલેશ ડી. શાહ
શ્રી રાજેશ આર. ભણસાલી	શ્રી રાજેશ સી. ગાંધી
શ્રી પ્રવીણ એ. શાહ	શ્રી રવજી જી. ગાલા
શ્રી અનિલ જી. દોશી	શ્રી રમેશ એમ. સંઘવી

૧ પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.
૧ કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.

છૂટક મૂલ્ય રૂા.૫/- **વાર્ષિક લવાજમ રૂા.૫૦/-**

Message From The CHAIRMAN.....

પ્રિય સ્નેહાળ સભ્યો,

જય જિનેન્દ્ર,

જેની ખૂબ જ આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી હતી એ ૧૦મા અને ૧૨મા ધોરણની પરીક્ષાનાં પરિણામ આવી ગયાં છે. જે વિદ્યાર્થીઓ સારા નંબરે પાસ થયા છે એ સૌને ખૂબખૂબ અભિનંદન અને જેઓ સફળ નથી થયા તેઓને ફરી કોશિશ કરીને સારા માર્ક્સ મેળવવા પુરુષાર્થ કરે એવી શુભેચ્છા. દરેક વિદ્યાર્થીના જીવનમાં ૧૦મા અને ૧૨મા ધોરણના પરીક્ષાનાં પરિણામનું ખૂબ મહત્ત્વ હોય છે, ખૂબ અગત્યતા હોય છે. પરિણામ આવ્યા બાદ હવે પછી વાલીઓની અને બાળકોની ઍડ્મિશન માટેની કવાયત ચાલુ થઈ જશે. ભારતમાં પણ યુરોપ અને અમેરિકાની જેમ અભ્યાસનું વ્યાપારીકરણ ચાલુ થઈ ગયું છે તે ખૂબ જ કમનસીબ બાબત છે. તે રોકવા સરકારની કોશિશ અધકચરી છે. આનો મતલબ પૈસાપાત્રનાં સંતાનો ભણી શકશે. ગરીબ વર્ગનાં સંતાનો ગમે તેટલા ટૅલેન્ટેડ હોય, કૉલેજમાં ઍડ્મિશન લઈ શકશે નહિ. આશા રાખીએ કે નવી સરકાર આપણને આ હાડમારીથી બચાવે. પાસ થયેલાં દરેક જેજેસીનાં બાળકો તેમની મનપસંદ ફેકલ્ટી-કૉલેજમાં પ્રવેશ મેળવે એવી શુભેચ્છા પાઠવું છું.

ગરમીમાં થોડી રાહત થતો વરસાદ મુંબઈમાં તો વરસી ગયો, પણ જેને મોસમનો વરસાદ કહી શકાય તે હજી વરસ્યો નથી. વેધશાળા સારી આગાહી કરતી નથી. આ વરસે ચોમાસું નબળું રહેશે તેવી આશંકા કરી રહી છે. જો આ આગાહી સાચી પડી તો તો ભારે મુસીબત સર્જાશે. આપણે ઘણી ફ્રન્ટ લાઈન પર લડવાનું થયું છે. આતંકવાદીઓ સામે, સરહદ પર દુશ્મનો સાથે ઉપરાંત દેશના પાંચમી કતારિયા સાથે તો લડવું પડે જ છે, પણ મોંઘવારી, ગરીબી, ફુગાવો, કુદરતી આફ્તો, ઉપરાંત જો દુષ્કાળ કે અતિવર્ષા સામે લડવાનું આવે તો ભારે સંકટ નિર્માણ થાય. ઈશ્વરને પ્રાર્થના કરીએ કે હવે નવી મુસીબત ભારત ખાતે નહીં મોકલતો.

જેજેસી ખાતે હાયર ઍજ્યુકેશનનો ૧૧મો દોર ચાલુ થઈ ગયો છે. અત્યાર સુધીમાં દશ વર્ષમાં ૫૯૯૦ વિદ્યાર્થીઓને રૂા. ૩૬ કરોડથી વધુ રકમની સહાય આપી ચૂક્યા છીએ. તેમાંથી ૧૮૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ પૂરો કરી નોકરી/ધંધા પર લાગી ચૂક્યા છે. તેઓ સહાયની રકમ ઉપરાંત ડોનેશન પણ મોકલાવી રહ્યા છે જે સારાં ચિહ્નો છે. જેજેસીના આ અભિયાનની ખ્યાતિ ખૂબ જ વધી ગઈ છે જેથી દરેક વર્ષે વધારે ને વધારે ડિમાન્ડ આવે છે અને તેથી વધારે રકમની જરૂર પડે છે. ડોનર તો આપણી પ્રવૃત્તિથી પ્રભાવિત છે, તેથી તેમની રકમ બરાબર આવે છે, પણ હું આપણાં સર્વે

સેન્ટરોને પણ વિનંતી કરું છું કે તેઓ પણ આમાં વધારે રસ લઈ સભ્યો પાસેથી રકમ ભેગી કરી સેન્ટ્રલ બોર્ડને મોકલાવે.

સમાજ માટે કાંઈક કરી છૂટવાનો આપણો પ્રયત્ન એળે નથી ગયો, પણ દરેક વર્ષે ઉત્તરોત્તર વધારે પ્રગતિ કરી રહ્યો છે. આ અભિયાન થકી જ આપણે જૈન સમાજમાં વિશેષ ઓળખાણ મેળવી છે અને ગૌરવ પણ પ્રાપ્ત કર્યું છે. જેજેસીના સભ્ય હોવાથી એક વિશિષ્ટ માન્યતા સમાજમાં મળી છે. આપણી ફરજ છે કે આપણાથી બનતો પ્રયત્ન કરી વધારે ને વધારે રકમ એકઠી કરીએ. આપણને ખરેખર આત્મસંતોષ થશે જ કે જૈન સમાજનાં કેટલાં બધાં કુટુંબ આપણા થકી પગભર થયાં છે.

સાધુમહાત્માઓને પણ વિનંતી કરું છું કે તેમના વ્યાખ્યાનમાં આ અભિયાનને આશીર્વાદ આપે. સાધુમહાત્માની વાણીનો પ્રભાવ કાંઈક અલગ જ હોય છે. આપણે હમણાં વાંચ્યું કે પાંડુરંગ શાસ્ત્રીએ તેમના અનુયાયી મચ્છીમાર કોમને ઉપદેશ આપેલો કે તમે ભલે આજીવિકા માટે માછલી પકડો, તેનો બિઝનેસ કરો, પણ કમસે કમ તમે માછલી ખાવાનું બંધ કરો. તેની અસર સંપૂર્ણ માછીમાર સમાજ પર એવી પડી કે લગભગ માચ્છીમાર સમાજે માછલી ખાવાની બાધા લઈ લીધી.

મુંબઈમાંથી થોડાં વર્ષોથી અદૃશ્ય થઈ ગયેલી ચકલી વળી પાછી છેલ્લાં બે વર્ષથી કેમ દેખાય છે? કેમ તેનું ચીંચીં ચાલુ થઈ ગયું છે? ખબર છે? વહોરા કોમના ધર્મગુરુએ તેમના અનુયાયીને ઉપદેશ આપ્યો કે ચકલી સાવ નિર્દોષ પક્ષી છે, તેને બચાવવા ઠેરઠેર માળા બનાવો. તેને ઉછેરો અને પછી આકાશમાં છોડી મૂકો. તેની અસર એ થઈ કે પાંચ વર્ષ પહેલાં મુંબઈમાં વહોરા લોકોએ ૫૦૦૦૦ કરતાં વધારે ચકલીના માળા બનાવ્યા અને તેને ઉછેરી, પરિણામે આજે આપણને ચકલીનો ગુંજારવ ફરી વખત સંભળાય છે.

જો આપણા ધર્મગુરુઓ જૈન બંધુઓને આદેશ આપે કે શિક્ષણ અભિયાનમાં રસ લો તો મને ખાતરી છે કે અમે જ ફંડ લાવી શકીએ છીએ તેના કરતાં દશ-વીશ ગણું ફંડ પલકવારમાં આવી જાય અને પૂરા સમાજનો ઉદ્ધાર થઈ જાય. કોઈ અશિક્ષિત ન રહે.

લિ. રમેશ મોરબિયા
ચૅરમૅનઃ જે.જે.સી. – સેન્ટ્રલ બોર્ડ

બંધન અને મુક્તિ

જીવ માત્રને બંધન નથી ગમતું. પ્રાણી માત્રને મુક્તિની પ્રબળ ઝંખના હોય છે. રાત અને દિવસ, તડકો અને છાંયો, અંધકાર અને પ્રકાશ, સુખ અને દુઃખ, ભરતી અને ઓટ, જન્મ અને મરણ, સંયોગ અને વિયોગ, સ્વર્ગ અને નરક, ચડતી અને પડતી, વિજય અને પરાજય, આશા અને નિરાશા વગેરે એક સિક્કાની બે બાજુ છે. કુદરત અને કર્મનું આ ન ભેદી શકાય તેવું કમાલનું કાળચક્ર છે.

બંધન એટલે મર્યાદા. બાળકને જન્મ લેતાં પહેલાં નવ મહિનાનું બંધન છે. જિંદગીને મૃત્યુનું બંધન છે. દંપતીને લગ્નનું બંધન છે. સરોવરને પાળનું બંધન છે. નાવને લંગરનું બંધન છે. દોડતી ગાડીને બ્રેકનું બંધન છે. શાસનને અનુશાસનનું બંધન છે. હાથીને અંકુશનું બંધન છે. ઘોડાને લગામનું બંધન છે. પાળેલાં પશુઓને સાંકળનું બંધન છે. હિંસક પ્રાણીઓ તથા પંખીઓને પિંજરાનું બંધન છે. પતંગને ધાગાનું બંધન છે. ઘરને દીવાલનું બંધન છે. સરહદને વાડનું બંધન છે. સ્ત્રીઓને લજ્જાનું બંધન છે. ભયંકર શસ્ત્રોને કવચ અને બટનનું બંધન છે. બંધન રૂકાવટ અને રક્ષણ આપે છે. બંધન ન હોય તો ભયંકર પરિસ્થિતિ નિર્માણ થાય છે. બંધન મર્યાદામાં રાખે છે. છતાં બંધન કોને ગમે છે? સા વિદ્યા વિમુક્તયે. જ્ઞાનના દીવડાઓના પ્રકાશથી સત્યદર્શન અને સાચી મુક્તિ મળે છે.

મુક્તિ એટલે ન ગમતી વસ્તુઓથી મુક્ત થવું. મુક્તિ એટલે બંધનનો અંત. મુક્તિ એટલે મનહર, મનભર અને મનપસંદ જીવન. મુક્તિ એટલે સ્વૈરવિહાર! આસક્તિમાંથી મુક્ત થવું એટલે મુક્તિ! મુક્તિ એટલે લંગરને છોડવાની સ્થિતિ! મુક્તિ એટલે તમામ બંધનોનો વિચ્છેદ. મુક્તિ એટલે જન્મ-મરણ અને ભવભ્રમણનો અંત. મુક્તિ એટલે પરમ આનંદ, સમાધિ ભાવ અને મોક્ષ!

સંસારના શણગાર છોડી અલખના અણગાર બનવું મુક્તિનું પ્રથમ પગથિયું છે. દાન, શિયળ, તપ અને ભાવ મુક્તિના પાયા છે. અહિંસા, જીવદયા, માનવતા, કરુણા, કર્મોની નિર્જરા, ભાવભક્તિ, સંતોની સેવા અને ધર્મનું શરણું મુક્તિ અને મોક્ષ અપાવે છે.

બંધન ગતિ અવરોધક છે. બંધનથી લક્ષ્યપ્રાપ્તિ દૂર ધકેલાય છે. બંધનથી મર્યાદાનું આવરણ આવી જાય છે. બંધનના ફાયદાઓ પણ છે.

બંધનથી શિસ્ત સાથે રક્ષણ મળે છે. મુક્તિ એટલે મોક્ષ જેનો કોઈ પર્યાય નથી. *('મારી ભાવનાસૃષ્ટિ'માંથી સાભાર)*

મનોરંજનની અટારીએથી

જે.જે.સી.		તારીખ	કાર્યક્રમ	
● અમૃતનગર	:	૦૧-૦૫-૧૫	પત્ની સિંઘમ પતિ ચિંગમ – નાટક	◈
		૧૫-૦૫-૧૫	વૉન્ટેડ વરરાજા – નાટક	◈
		૧૮-૦૫-૧૫	ગબ્બર ઈસ બૅક – હિન્દી મૂવી	◈
● બોરીવલી	:	૧૪-૦૫-૧૫	એક વાંકીચૂંકી લવસ્ટોરી – નાટક	★
● દાદર	:	૧૫-૦૫-૧૫	મારી તો અરજી બાકી તમારી મરજી – નાટક	◈
		૨૩-૦૫-૧૫	મધુર ગીતમાલા – ઑર્કેસ્ટ્રા	◈
		૨૫-૦૫-૧૫	ગુજ્જુભાઈ ગોટાળે ચઢ્યા – નાટક	◈
● ગોંડલ	:	૧૯-૦૪-૧૫	ગરવા ગીરમાં પર્યટન – પ્રવાસ	★
● જેમ જગડુશા	:	૨૪-૦૫-૧૫	ક્રિકેટ	★
● જુહુ	:	૩૦-૦૪-૧૫	બધું ફાઈન છે – નાટક	◈
		૧૨-૦૫-૧૫	એક વાંકીચૂંકી લવસ્ટોરી – નાટક	✦
		૧૩-૦૫-૧૫	હસવાની મનાઈ નથી – હાસ્ય દરબાર	★
		૧૪-૦૫-૧૫	પિકુ – હિન્દી મૂવી	◈
		૧૮-૦૫-૧૫	ગબ્બર ઈસ બૅક – હિન્દી મૂવી	◈
		૨૦-૦૫-૧૫	બૉમ્બે વૅલ્વેટ – હિન્દી મૂવી	◈
● જુહુ બીચ	:	૨૧-૦૫-૧૫	રંગારંગ – ગમતીલાં ગુજરાતી ગીતોની એક મનગમતી સાંજ	◈
	:	૨૪-૦૫-૧૫	ગેટ-ટુ-ગેધર – પ્રવાસ પહેલાંનું સ્નેહમિલન	★
● કાંદિવલી	:	૧૫-૦૫-૧૫	ચાંદો ઊગ્યો ચોકમાં – ગુજરાતી ગીત	★
● કર્ણાવટી	:	૧૯-૦૪-૧૫	'કલરવ' ગેટ-ટુ-ગૅધર	★
● મુંબઈ	:	૧૪-૦૫-૧૫	શેઠ મોતીશા – નાટક	✦
		૨૩-૦૫-૧૫	શ્રી મોનીભાઈની સાથે – યાદગાર ગીત	◈
		૨૭-૦૫-૧૫	સ્વજન રે જૂઠ મત બોલો – નાટક	◈
● મલાડ	:	૧૯-૦૫-૧૫	સ્વજન રે જૂઠ મત બોલો – નાટક	★
● નવી મુંબઈ	:	૧૧-૦૫-૧૫	એક ડોસો ડોસીને હજી વહાલ કરે છે – નાટક	◈
● નોર્થ ઈસ્ટ	:	૨૪-૦૪-૧૫	ક્રિકેટ	★
● પેડર રોડ	:	૦૫-૦૪-૧૫	મેગા મ્યુઝિકલ પ્રોગ્રામ – ઑર્કેસ્ટ્રા	★
		૧૧-૦૪-૧૫	આજ જાને કી ઝીદ ના કરો – નાટક	◈

● સાયન-માટુંગા	:	૧૨-૦૫-૧૫	બધું ફાઈન છે – નાટક	◈
		૧૩-૦૫-૧૫	પિકુ – હિન્દી મૂવી	◈
		૩૦-૦૫-૧૫	કલ્યાણજી આનંદજી નાઈટ – ઑર્કેસ્ટ્રા	◈
● શિવાજી પાર્ક	:	૧૫-૦૫-૧૫	ગીતોં કી મસ્તીભરી મ્યુઝિકલ હાઉઝી	◈
● વસઈ	:	૦૩-૦૫-૧૫	શેઠ મોતીશા – નાટક	◈
		૧૦-૦૫-૧૫	માયનોરિટી જૈન સેમિનાર	◈
		૦૮-૦૬-૧૫	પત્ની સિંઘમ પતિ ચિંગમ – નાટક	◈
		૨૧-૦૬-૧૫	ગ્રેટ એસ્કેપ – વન-ડે પિકનિક	◈
● વિલે પાર્લે	:	૨૦-૦૫-૧૫	સ્વજન રે જૂઠ મત બોલો – નાટક	◈

સંજ્ઞા : કાર્યક્રમ – જમણ સાથે ★ જમણ વિના (ડ્રાય) ◈ નાસ્તો ✦

આગામી પ્રવાસ-પર્યટન-પિકનિક-ધર્મયાત્રા

જે.જે.સી.	પ્રવાસ સ્થળ	દિનાંક
વસઈ	સમેત શિખરજી મહાયાત્રા (૧૦ દિવસ)	૦૮-૦૧-૨૦૧૬થી ૧૭-૦૧-૨૦૧૬
વિલે પાર્લે	આબુ-અંબાજી, પાવાપુરી, ભૈરુતાર, રાણકપુર, તારંગાજી તીર્થનો પ્રવાસ	૩૦-૯-૨૦૧૫ (૬ દિવસ)

દ્વિધા : જમતી વખતે પાણી પીવું કે ન પીવું...

સંકલન : લલિતકુમાર શાહ

જમતી વખતે પાણી પીવા બાબતમાં એક સર્વે કરવામાં આવ્યો. સર્વેમાં જુદીજુદી ઉંમરની અને વ્યવસાયની વ્યક્તિઓએ જે વિચારો રજૂ કર્યા તે અહીં પ્રસ્તુત છે. સોનાલિકા સિંહ ખૂબ મૂંઝવણમાં છે. કારણ ? આ બાર વર્ષીય કિશોરી નક્કી નથી કરી શકતી કે તેની માતાની સલાહ માનવી કે તેની દાદીની. દાદી કહે છે કે તારે જમતી વખતે પાણી ન પીવું જોઇએ, જ્યારે માતા એવો આગ્રહ રાખે છે કે માણસે જમતી વખતે પાણી પીવું જ જોઇએ ! આ ફક્ત સોનાલિકાની જ દ્વિધા નથી અને આ ચર્ચા કે વિવાદ નવો પણ નથી. આ વિષયમાં ન્યૂટ્રિશિયનિસ્ટ અને ડાયેટિશિયન શું કહે છે તે જાણીએ.

દીપિકા અગરવાલ જેઓ સ્પોર્ટ્સ ન્યૂટ્રિશિયન છે તેઓ કહે છે, 'જો તમે જમતી વખતે પાણી પીવો તો ખોરાકને પચવામાં ઉપયોગી એવા ઍસિડ અને પાચકરસની અસર ઘટી જાય છે. પાણીના કારણે આ બન્ને નરમ બની જાય છે તેથી એ સલાહભર્યું છે કે જમતી વખતે પાણી પીવાનું ટાળવું. હા, તમે જમવા બેસો તેના અડધા કલાક પહેલાં એક ગ્લાસ પાણી પી શકો છો. તેમની ભલામણ છે કે જમી લીધા પછી ૪૫ મિનિટ કે એક કલાક બાદ જ પાણી પીવું જોઇએ. તેઓ એવી પણ સલાહ આપે છે કે જમ્યા પછી તુરત પાણી પીવાનું ટાળો. જમતી વખતે પાણી પીવાની બાબતમાં કોઈ એક નિયમ નથી કે જે સૌ કોઈને લાગુ પડતો હોય. આવો અભિપ્રાય ન્યૂટ્રિશિયનિસ્ટ પ્રિયા કરકેરાનો છે.

'જ્યારે અમે ચરબી (મેદ) ઘટાડવા માટે કોઈ વ્યક્તિની સારવાર કરીએ છીએ ત્યારે તેણે જમ્યા પહેલાં એક ગ્લાસ પાણી પીવું જોઈએ એવી સલાહ આપીએ છીએ, કારણકે તેથી તે વ્યક્તિનું પેટ ભરાયેલું લાગશે અને આવી લાગણી થવાથી તે ઓછું ખાશે, કારણકે તેની ભૂખ ઘટી ગઈ હશે.'

ડાયેટિશિયન અને ન્યૂટ્રિશિયનિસ્ટ ખુશ્બુ સહિજવાણી માને છે કે જો પાણી પીવાની ઈચ્છા થાય તો જમતી વખતે પાણી પીવાથી કંઈ નુકસાન નથી થતું. લોકો એમ કહેતા હોય છે કે જમતી વખતે જો પાણી પીવામાં આવે તો વ્યક્તિને પેટ ભરાયેલું લાગે છે અને તેથી તેની ભૂખ પર અસર થાય છે. તેથી પાણી પીધા પછી તરત જ જો કોઈ વ્યક્તિ જમવા બેસે તો તેની અસર પાચનક્રિયા પર થાય છે, પરંતુ આ બન્ને કારણો બાબતમાં કોઈ વૈજ્ઞાનિક શોધ દ્વારા સમર્થન મળતું નથી. સામાન્ય રીતે પેટનો ઍસિડિક સ્તર ઊંચો હોય છે અને ખાસ કરીને જમ્યા બાદ આ સ્તરમાં ખૂબ વધારો થાય છે, કારણકે પેટમાં પાચકરસો છૂટે છે. જોકે, કરકેરા તો એવી સલાહ આપે છે કે પાણી આપણા શરીર માટે જરૂરી છે અને તેથી જમતી વખતે એક કે બે ઘૂંટડા પાણી પીવાથી કાંઈ નુકસાન નથી થતું. એટલે જેમ ઉપર અભિપ્રાયો જણાવ્યા તેમ આ બાબતમાં કોઈ એક એવો નિયમ નથી જે સૌ કોઈને લાગુ પડી શકે. માણસના શરીરની તાસીર મુજબ તેણે જમતી વખતે પાણી પીવું કે નહિ તેનો નિર્ણય લેવો જોઈએ.

લાલ બત્તી–૨

જિતેન્દ્ર કોઠારી
(ચૅરમૅન : જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ

એજ્યુકેશન એટલે કે શિક્ષણ એટલે કે ભણતરનું મહત્ત્વ કે પ્રભાવ પુરાણકાળથી ક્યારેય ઘટ્યુ નથી. સમય પ્રમાણે તેની પદ્ધતિમાં ફેરફાર થયા છે. શ્રેષ્ઠ ભણતર આપવા માટે ત્યારે પણ પોતાના સંતાનોને ત્યારના રાજા-મહારાજા સંતાનોને દૂર દૂર દેશાવર મોકલતા હતા. અહીં સંતાનોનો અર્થ પુત્ર સુધી સિમિત છે. રામ, લક્ષ્મણ કે ભરત શત્રુઘ્નને શ્રેષ્ઠ તાલીમ લેવા અયોધ્યાથી સેંકડો માઈલ દૂર ગુરુ પરશુરામ પાસે મોકલેલા. કૃષ્ણને મથુરાથી કેટલાય માઈલ દૂર ઉજ્જૈન ગુરુ સંદીપનીના આશ્રમમાં મોકલેલા. શ્રેષ્ઠ ભણતર પામવા એ સમયમાં કન્ફ્યુશિયસ છેક ચીનથી હિમાલય ખુદીને નાલંદા ભારત આવેલા. તે સમયમાં પણ સ્ત્રીઓને શિક્ષણ આપવાનો રિવાજ હતો નહીં. ફક્ત લોપામુદ્રાને ગુરુ અગત્સ્યને ત્યાં ભણવા મોકલવામાં આવેલ તેટલી નોંધ છે અને એ શિક્ષણ થકી વિશ્વની દાદી તરીકે અમર થઈ ગયા. અત્યારના જમાનાની વાત કરુ તો મોહનલાલ કરમચંદ ગાંધી નામનો વિદ્યાર્થી આ જમાનાનું શ્રેષ્ઠ ભણતર મેળવવા ઈંગ્લૅન્ડ ગયેલો અને ગાંધીજી તરીકે મહામાનવ બની પરત આવેલા. ટુંકમાં શ્રેષ્ઠ ભણતર લેવાની ભૂખ માણસ જાતમાં સનાતન રૂપે છે.

ફરક એટલો પડયો કે પુરાના જમાનામાં ઋષિમુનિઓ ભણતર સાથે ગણતર આપી બાળકોનું ઘડતર પણ કરતા. આજે શિક્ષણ એક ખૂબ જ વળતર આપતો બિઝનેસ બની ગયો છે. ગરીબની વાત જવા દો, મધ્યમ વર્ગ પણ પોતાના બાળકને આ શિક્ષણ આપી શકે તેવી આર્થિક તાકાત રહી નથી. એટલે કે શિક્ષણનો ખર્ચ મધ્યમ વર્ગની પહોંચની બહાર (Beyond) થઈ ગયો છે. એ સમયે વર્ષ ૨૦૦૫માં જેજેસીએ હાયર એજ્યુકેશન નામનું અભિયાન જૈન સમાજને સમર્પિત કરતુ તરતુ મૂક્યુ.

એક જમાનામાં એટલે કે ૫૦-૬૦ વર્ષ પૂર્વે ભણતરની કિંમત ન હતી. ત્યારે ભણતરનું કોઈ જ મહત્ત્વ ન હતું. વાણિયા - બ્રાહ્મણના છોકરાઓ થોડું અક્ષરજ્ઞાન કે પલાખા ભણતા, પછી કામ-ધંધે લાગી જતા. શહેરોમાં થોડીક સ્કૂલો હતી. ત્યારે મેટ્રિક (S.S.C.) સુધી ભણેલા તો ખૂબ જ શિક્ષિત કહેવાતા. મેટ્રિક્યુલેટ વ્યક્તિઓ ઈંગ્લિશમાં વાતચીત કરી શકતી ત્યારે તેમનો ખૂબ વટ પડતો. ધીમેધીમે શિક્ષણનું મહત્ત્વ લોકોને સમજાવા લાગ્યું. સરકારે શિક્ષણનો પ્રચાર કર્યો. શહેરોમાં સ્કૂલો ખૂલવા લાગી. વાલીઓ પણ સંતાનોને ભણાવવા લાગ્યા. દૂરંદેશી જૈનોએ તો નાનાં શહેરોમાં વિદ્યાર્થીઓને રહેવા માટે બોર્ડિંગની વ્યવસ્થા ઠેકઠેકાણે ઊભી કરી. ગામડાંમાંથી જૈન બાળકો બોર્ડિંગમાં રહી અભ્યાસ કરવા લાગ્યાં. ધીમેધીમે શિક્ષિતની વ્યાખ્યા ગ્રૅજ્યુએટ સુધી પહોંચી. સમય જતા ડબલ ગ્રૅજ્યુએટ કે એથી આગળ વધી સ્પેશિયલાઈઝેશન સુધી પહોંચી ગઈ. અત્યારે વિશ્વમાં શિક્ષણની એટલી બધી ફેકલ્ટી ખૂલી ગઈ છે કે વિદ્યાર્થીઓ અટવાઈ જાય છે. શિક્ષણનું મહત્ત્વ ખૂબ જ વધી Ultimate Point સુધી પહોંચી ગયું છે. શિક્ષણ વિના કોઈ પણ માણસ અધૂરો ગણાય છે. તેને રોજીરોટીની પણ સમસ્યા ઊભી થાય છે. આ પ્રકારના શિક્ષણને આપણે 'ઉચ્ચ શિક્ષણ' કહીશું. આજે શિક્ષણ આપતી સંસ્થાઓ ભણતર-ગણતર ને ઘડતર એક બાજુ રાખી મસમોટું વળતર મેળવતી કૉમર્શિયલ સંસ્થામાં પરીવર્તિત થઈ ગઈ છે. શિક્ષણ મેળવવા ખૂબ જ ખર્ચો થાય છે.

શિક્ષણનો વ્યાપ વધતાં આજે તેનું ગ્લોબલાઈઝેશન થઈ ગયું છે. જ્ઞાનને કોઈ સીમાડા નથી રહ્યા. જ્ઞાનવાંચ્છુ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓમાં વધુ ને વધુ ભણવાની ભૂખ જાગી છે. એમ કહીએ કે ઘેલછા ઊપડી છે, કારણકે માણસની જિંદગીની ભૌતિક વ્યવસ્થા આર્થિક ઉપાર્જનથી થાય છે અને એ માટે શિક્ષણ અનિવાર્ય થઈ ગયું છે. અન્ય દેશોની માફક ભારતમાં પણ અસંખ્ય ફેકલ્ટીની કૉલેજો ખૂલી ગઈ છે, પરંતુ તે પૂરતું ન પડતાં વધુ અભ્યાસ માટે પરદેશ, ખાસ કરીને યુરોપ-અમેરિકા જવાની ઘેલછા સમાજમાં વ્યાપી ગઈ છે અને તેમાં કશું ખોટું પણ નથી. અભ્યાસ ક્ષેત્રે આ દેશો ઘણા આગળ છે. તેથી ભણવા માટે પરદેશ જવાની ભૂખ ઊઘડી છે અથવા તો ભારતમાં રહી વધુ ને વધુ ભણી સારી નોકરી કે ધંધામાં લાગી જવાની મહત્ત્વાકાંક્ષા દરેક વિદ્યાર્થીમાં અને તેમના વાલીઓમાં ઊભરી આવી છે.

જૈનોની એક સૌથી મોટી અને અગ્રગણ્ય સંસ્થા તરીકે જૈન જાગૃતિ સેન્ટરે આ વાસ્તવિકતા-વસ્તુસ્થિતિ પારખી લીધી. સમાજ સમય સાથે તાલ ન મિલાવે તો નિર્બળ બની જાય. તેથી જેજેસીએ એક પહેલ કરી. વર્ષ ૨૦૦૫માં 'ઉચ્ચ શિક્ષણ સહાય યોજના' નામનું અભિયાન શરૂ કર્યું. તે અન્વયે હોશિયાર (Talented) જૈન દીકરા-દીકરી ફન્ડના અભાવે હાયર ઍજ્યુકેશનથી વંચિત ન રહી જાય એ માટે સહાય કરવાની નેમ રાખી કાર્યનો આરંભ કર્યો. કહેતા આનંદ થાય છે કે વર્ષ પ્રતિ વર્ષ આ કાર્ય વધુ ને વધુ માત્રામાં વિસ્તરતું ગયું. જેમ જેમ કાર્ય કરતા ગયા તેમ તેમ જૈન સમાજની સાચી પરિસ્થિતિનો ખયાલ આવતો ગયો. ખાધેપીધે સુખી દેખાતો જૈન સમાજ અંદરથી ખોખલો બની ગયો છે. સંતાનોને ભણાવવા પૂરતી આર્થિક વ્યવસ્થા ન હોવાથી કેટલાય વિદ્યાર્થીઓ અભ્યાસ પડતો મૂકી દેતા તે બધાને આવરી લઈ સમાજના દાનવીરો અને જૈન જાગૃતિ

સેન્ટરના સભ્યોના સહકારથી આ અભિયાને દશ વર્ષમાં ઘણી પ્રગતિ કરી છે. અમને ગર્વ છે કે છેલ્લાં દશ વર્ષમાં ૫૯૯૦ વિદ્યાર્થીઓને રૂા. ૩૬ કરોડથી વધુ રકમની સહાય કરી છે. તેમાંથી કેટલાય વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી સારી નોકરી પ્રાપ્ત કરી કુટુંબને ટેકારૂપ બની ગયા છે, કહીએ કે એમનાં કુટુંબો પગભર થઈ ગયાં છે. આ આપણી સફળતા છે.

આ બધા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ સાથે જેજેસીની ઑફિસમાં One to One ઈન્ટરવ્યૂ લઈ વાર્તાલાપ કરેલો છે અને એક Prescribed Form ભરીને પૂરતી જાણકારી, તેમના સ્ટેટસ, રુચિની જાણકારી લીધેલ છે. પરિણામે જેજેસીની સમાજની પરિસ્થિતિ, આજના યુવા વર્ગની પસંદગી/માનસ તથા ટૅલન્ટ ઉપરાંત વિવિધ અભ્યાસક્રમ, તેના પ્લસ/માઈનસ વગેરે વિશેની જાણકારી અને વિસ્તૃત માહિતી મળી. તે બધાનું પૃથક્કરણ કરતા કેટલાક નિષ્કર્ષ પર અમે આવ્યા. દેશ-પરદેશની કૉલેજ, ઈન્સ્ટિટ્યૂટ, યુનિવર્સિટી વિશે પણ વિશેષ જાણકારી પ્રાપ્ત થઈ. આ નિષ્કર્ષના ફલિતાર્થથી તમને માહિતગાર કરવાના હેતુથી હું આ લખી રહ્યો છું.

અમેરિકા, યુરોપ વગેરેની ભૌતિકતાથી આકર્ષાઈને ભારતનું બહુધા યુવાધન વિદેશ ભણવાના અને ત્યાંની જિંદગી જીવવાના મનોરથ સેવે છે. વાલીઓ પણ તેમનાં સંતાનોનાં સ્વપ્નોને સાકાર કરવા પ્રોત્સાહન આપે છે અને તેમાં કશું ખોટું પણ નથી, પણ કેટલાક તો એ માટે પોતાની જીવનભરની કમાઈ અને બચત હોડમાં મૂકી દે છે. કેટલાક તો વળી આ માટે આર્થિક દેવું પણ કરે છે. યુરોપ-અમેરિકામાં ૧૯ અને ૨૦મી સદીમાં પુષ્કળ નવી નવી શોધ થઈ. આ બધી ટેક્નૉલૉજીના જ્ઞાનને તેઓએ અભ્યાસક્રમમાં દાખલ કર્યું, પરિણામે શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિ થઈ અને શિક્ષણ વિશાળ ફલકમાં ફેલાઈ ગયું.

એ સાથે શિક્ષણનું વ્યાપારીકરણ થયું જે તગડો નફો આપતો બિઝનેસ બની ગયો. પરિણામે યુરોપમાં અને ખાસ કરીને અમેરિકામાં બિલાડીના ટૉપની માફક શૈક્ષણિક યુનિવર્સિટી અને કૉલેજો ફૂટી નીકળી. જેમાંથી કેટલીક જીન્યુન સાબિત થઈ તો કેટલીક લેભાગુ નીકળી. પૂરતી જાણકારી કે માહિતીના અભાવે કેટલાય વિદ્યાર્થીઓ આવી લેભાગુ યુનિવર્સિટીમાં ભરાઈ પડે છે. આપણા દેશમાં આવા વિદ્યાર્થી અને વાલીઓને ગાઈડન્સ આપવા કેટલીક એજન્સીઓ સેવા કરવાનો અંચળો પહેરી નજીવી કન્સલ્ટેશન ફી (૨૦-૨૫ હજાર) લઈને ગાઈડન્સ આપે છે, પરંતુ ખરેખર આવી એજન્સીઓ જે તે યુનિવર્સિટીના એજન્ટ તરીકે કામ કરતી હોય છે અને યુનિવર્સિટી પાસેથી મબલખ કમિશન મેળવતી હોય છે, જેઓ વિદ્યાર્થી/વાલીઓને ભેખડે ભરાવીને લાકડે માકડું વળગાળી દે છે. પછી પસ્તાવાનો વારો વિદ્યાર્થીનો આવે છે, કારણ આવી યુનિવર્સિટીની ડિગ્રીની કોઈ કિંમત હોતી નથી. તેઓને અમેરિકામાં નોકરી મળતી નથી અને ભારત આવે તોપણ તે ડિગ્રીને માન્યતા મળતી નથી. આવા કેટલાક કિસ્સા અમારા ધ્યાનમાં આવ્યા બાદ અમે પણ સાવધ થઈ ગયા છીએ. અમે પૂરતી ચકાસણી બાદ જ સહાય આપીએ છીએ. કેટલાક વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે યુ.કે., ફ્રાન્સ, જર્મની, રશિયા, ફિલિપાઈન્સ, ઑસ્ટ્રેલિયા, ન્યૂ ઝીલેન્ડ વગેરે સ્થળ પસંદ કરે છે, પણ આ બધા દેશ વિદ્યાર્થીઓને Student Visa ફક્ત અભ્યાસકાળ પૂરતા જ આપે છે. જેવો અભ્યાસ પૂરો થાય કે તેમને દેશ છોડી દેવો પડે છે જેથી અનુભવ માટે કે નોકરી કરી પૈસા કમાવાનો કોઈ અવકાશ રહેતો નથી. આ યુવાનો જો ભારતમાં પરત આવ્યા બાદ તેમની ડિગ્રીને સંતોષકારક માન્યતા (Recognisation) ન મળે તો તેમના માટે મુસીબત થાય છે. તેઓ ન ઘરના ન ઘાટના ફિલ કરે છે. શિક્ષણ પામવા મોટો ખર્ચો કર્યા બાદ પૂરતી આવક થતી નથી તો Depressionમાં સરી પડે છે. આ માટે અમેરિકા-કૅનેડા ઉદાર છે. તેઓ પાંચ વર્ષના વીસા આપે છે જેથી વિદ્યાર્થીઓ બે વર્ષમાં અભ્યાસ પૂરો કરી બાકીનાં વર્ષો દરમિયાન જોબ કરી કરેલો ખર્ચો મેળવી લે છે. કૅનેડાની ઘણી યુનિવર્સિટીની ડિગ્રી કોઈકોઈ વાર સંતોષકારક માન્યતા ધરાવતી નથી તેથી પૂરતી જાણકારી મેળવીને પછી જ એ કોર્સ કરવો હિતાવહ છે. ઈન્ટરવ્યૂ દરમિયાન આ બધું ધ્યાન અમે રાખીએ છીએ. અમારા અનુભવના આધારે પૂરી છણાવટ કરીને જ સહાય આપીએ છીએ.

ઘણી વાર અમારા અનુભવના આધારે કોઈ વિદ્યાર્થીઓને અમારે નારાજ કરવા પડે છે. દા.ત. છેલ્લાં ચાર વર્ષથી ઍર પાઈલટનો કોર્સ કરવા સહાય માટે આવતા વિદ્યાર્થીઓને અમારે નિરુત્સાહ કરવા પડે છે, કારણકે અમારી માહિતી પ્રમાણે પાઈલટને યોગ્ય જોબ મળતી નથી. કેટલીક વાર તો તેમને દરેક વર્ષે રિન્યુઅલ કરાવવા પડતા લાઈસન્સ માટેની ફી જેટલી આવક પણ થતી નથી. તેથી નાછૂટકે અમારે તેવા વિદ્યાર્થીઓની એપ્લિકેશન નકારવી પડે છે. આવા કેટલાક અભ્યાસક્રમ અમે Derecognise કરેલા છે. આથી યુવાઓ ખોટી લાઈનમાં જતા બચી જાય છે. ભારતમાં પણ કેટલાક ઉચ્ચ શિક્ષણ અભ્યાસક્રમ Prospective હોય છે. દા.ત. ચાર્ટડ એકાઉન્ટન્ટ. આ ભણવાનો ખર્ચ ઓછો આવે છે અને તેનું રિટર્ન સારું હોય છે. તેનો Equivalent કોર્સ અમેરિકાનો C.P.A. છે. જે માટે અમે સહાય કરીએ છીએ. ટૂંકમાં કહીએ તો અમારું ઉચ્ચ શિક્ષણ અભ્યાસ અભિયાન જૈન સમાજમાં અતિશય લોકપ્રિય અને લોકોપયોગી સાબિત થયું છે અને અમે તેનાથી ખૂબ જ પ્રોત્સાહિત છીએ.

માહિતી પૂરી પાડતા પાડતા અમે તમને કોર્સ પસંદ કરવા માટે Cautions કરી Red Signal પણ આપી દીધાં. જય હો!

નવ તત્ત્વ - ૪ સંવર

ડૉ. આરતી નલિન વોરા

આગળ આપણે જીવ-અજીવ, પુણ્ય-પાપ-આશ્રવ વિશે જોઈ ગયા. આજે આપણે સંવર તત્ત્વ વિશે જોઈએ.

આશ્રવનો નિરોધ એટલે સંવર. જે નિમિત્તોથી કર્મ બંધાય છે તે નિમિત્તોને રોકવા તેનું નામ સંવર. કર્મ પાપરૂપી પાણીથી જીવરૂપી વહાણ ભરાઈ જાય તો આશ્રવરૂપી છિદ્રોની આડે વ્રત-પચ્ચક્ખાણ આદિ સ્વરૂપે પાટિયાં લગાવવાથી પાપરૂપી જળપ્રવાહ આવતો બંધ થાય તેને સંવર કહેવાય છે. સંવરના સામાન્ય રીતે ૨૦ (વીસ) ભેદ છે અને વિશેષ રીતે ૫૭ (સત્તાવન) ભેદ છે. સંવરના ૨૦ પ્રકાર આશ્રવના ૨૦ પ્રકારથી ઊલટા હોય છે, કારણકે આશ્રવ અને સંવર પરસ્પરવિરોધી હોય છે. સંવર આત્માનાં શુદ્ધ પરિણામ (અધ્યવસાય)રૂપે છે. પ્રથમ આપણે સામાન્ય વીસ ભેદ અને પછી સત્તાવન ભેદ વિશે જોઈએ.

સંવરના સામાન્ય પ્રકારે વીસ (૨૦) ભેદ :

(૧) સમ્યક્ત્વ અથવા સમકિત (૨) વ્રત પચ્ચક્ખાણ કરે (૩) અપ્રમાદ, અર્થાત્ પ્રમાદ છોડવો (૪) અકષાય અર્થાત્ કષાય છોડવો (૫) શુભ વેગ, અર્થાત્ યોગને સ્થિર કરવો (૬) જીવદયા પાળવી (૭) સત્ય વચન બોલવું (૮) દત્તવ્રત ગ્રહણ કરવું, અર્થાત્ ચોરી ન કરવી (૯) શિયળ પાળવું, અર્થાત્ બ્રહ્મચર્યનું પાલન કરવું (૧૦) અપરિગ્રહ, અર્થાત્ પરિગ્રહ છોડવો (૧૧) શ્રોતેન્દ્રિય સંવર (૧૨) ચક્ષુઈન્દ્રિય સંવર (૧૩) ઘ્રાણેન્દ્રિય સંવર (૧૪) રસનેન્દ્રિય સંવર (૧૫) સ્પર્શેન્દ્રિય સંવર, અર્થાત્ ૧૧થી ૧૫ મન-આંખ-નાક-જીભ-સ્પર્શ એમ પાંચ ઈન્દ્રિયોને વશ કરવી (૧૬) મન સંવર (૧૭) વચન સંવર (૧૮) કાય સંવર, અર્થાત્ મન-વચન-કાયાના યોગને વશ કરવા (૧૯) ભંડ ઉપકરણ ઉપધિ જતના એ લેવી કે મૂકવી, અર્થાત્ ઉપકરણો (નાની એવી વસ્તુ પણ) ઉપયોગ સહિત લે અને મૂકે (૨૦) શુચિ કુસગ્ગ ન કરે, અર્થાત્ સોય અને તણખલા જેવી વસ્તુ પણ યત્નાપૂર્વક લેવી અને મૂકવી.

સંવર તત્ત્વના વિશેષ પ્રકારે ૫૭ (સત્તાવન) ભેદ વિશે જોઈએ. પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, બાવીસ પરિષહ, દશ યતિધર્મ, બાર ભાવના અને પાંચ ચારિત્ર છે. જેના વિશે આપણે વિગતે જોઈએઃ

૧) પાંચ સમિતિ - સાધકની સમ્યક્-વિવેકયુક્ત પ્રવૃત્તિને સમિતિ કહેવાય છે. શ્રમણને સંયમ ધર્મનું સુચારુ જતન થાય તેવા પ્રકારે જીવનનિર્વાહની ક્રિયાને ગોઠવવી. ચાલવું, બોલવું, જીવન માટે આવશ્યક વસ્તુઓ મેળવવી, વસ્તુ સાવધાનીપૂર્વક લેવી-મૂકવી. નિરર્થક પદાર્થોનો ત્યાગ કરવો વગેરે ક્રિયાઓ સમ્યક્ ત્યારે બને જ્યારે આ પ્રવૃત્તિઓ વિવેકપૂર્વક કરવામાં આવે અને ત્યારે તેને સત્પ્રવૃત્તિરૂપ સમિતિ કહેવાય છે. તે પાંચ પ્રકારની છેઃ

(૧) ઈર્યા સમિતિ – જયણા રાખીને ઉપયોગ સહિત સાડા ત્રણ હાથ જેટલું પ્રમાણ જમીન તરફ જોઈને ચાલવું તે. (૨) ભાષા સમિતિ – સમ્યક્ પ્રકારે નિર્વદ્ય ભાષા બોલવી. (૩) એષણા સમિતિ – સમ્યક્ પ્રકારે નિર્દોષ આહાર-વસ્ત્ર-પાત્ર વગેરેની ગવેષણા કરવી. (૪) આદાન નિક્ષેપ સમિતિ – ભંડ કે ઉપકરણોને જતનાપૂર્વક લેવા કે મૂકવા. (૫) પારિષ્ઠાપનિકા સમિતિ – લઘુનીત, વડીનીત વગેરેને જતનાથી પરઠવી.

૨) ગુપ્તિ – ગુપ્તિનો અર્થ છે ગોપન-નિગ્રહ મન-વચન-કાયાની અશુભ પ્રવૃત્તિ રોકવી. ગુપ્તિ, અર્થાત્ રક્ષણ અપ્રશસ્ત વિચાર-વાણી-વર્તનમાં પ્રયુક્ત થતાં મન-વચન-કાયાનું રક્ષણ કરવું તે ગુપ્તિ છે. તેના ત્રણ પ્રકાર છેઃ

૧) મન ગુપ્તિ – દુષ્ટ વિચારો કાઢી નાખવા. ધર્મધ્યાનમાં લીન, યોગ નિરોધની અવસ્થામાં આત્મામાં સંપૂર્ણ લીનતા રાખવી. ૨) વચન ગુપ્તિ – સંપૂર્ણ મૌન. સંકેત ન કરવા, મુખ આચ્છાદિક કરી પ્રમાણસર કે હિતકારક બોલવું. સત્યવચન, મિતકારી અને હિતકારી ભાષા હોવી. ૩) કાય ગુપ્તિ – ઉપસર્ગ કે ધ્યાન વખતે શરીરની સ્થિરતા. કાર્ય કરતાં શરીરનું નિયમન.

૩) ૨૨ પરિષહ – પરિષહ અર્થાત્ ચારેબાજુથી સહન કરવું. નિર્જરા અર્થે સ્વેચ્છાએ કષ્ટ સહન કરવા તેને પરિષહ કહેવાય છે. તે બાવીસ છેઃ (૧) ક્ષુધા – ભૂખનો (૨) તૃષા – તરસનો (૩) શીત – ટાઢનો (૪) ઉષ્ણ – તડકાનો કે ગરમીનો (૫) દંશ - મસક - ડાંસ કે મચ્છરનો (૬) અચેલ – વસ્ત્રનો (૭) અરતિ – દુઃખ કે કંટાળાનો (૮) ચર્યા – ચાલવાનો (૯) સ્ત્રી - સ્ત્રીથી થતો (૧૦) નિષધ્યા – ભય વગર ધ્યાનસાધના (૧૧) સેજાનો – શય્યા = સૂવાના કે રહેવાના સ્થાનકનો (૧૨) આક્રોશ – આકરાં વચનો સાંભળવાં પડે તો (૧૩) વધ – માર ખાવાનો (૧૪) યાચના – માગવાનો (૧૫) અલાભ – વસ્તુ મળે કે ન મળે તો ખેદ ન કરવો (૧૬) રોગ – રોગના કારણે થતો (૧૭) તૃણ સ્પર્શ – સૂકા ઘાસની પથારીનાં તણખલાં વગેરેના સ્પર્શથી દુઃખ થવું (૧૮) મલ – મેલાં વસ્ત્રો અને શરીરના મેલનો (૧૯) સત્કાર પુરસ્કારનો – આદરસત્કાર મળવાનો – પોતાનામાં રાજી ન થવું, બીજાનામાં નારાજ ન થવું (૨૦) પ્રજ્ઞા – કોઈને જ્ઞાનની અસ્પષ્ટતાને કારણે સમાધાન

ન આપી શકવાથી (૨૧) અજ્ઞાન - જ્ઞાન ન ચડે તેનો (૨૨) સમ્યક્ત્વ – દર્શન=સમક્તિના સૂક્ષ્મ વિચાર સાંભળીને ધર્મ વિશે અશ્રદ્ધા કરવાનો.

આ બાવીસ પ્રકારના પરિષહ પૈકી એકસાથે ઓગણીસ પરિષહ જ હોય છે, કારણકે અમુક એકબીજાથી વિરોધી હોય છે, જેમકે ઉષ્ણ અને શીત બંને સાથે ન હોઈ શકે. શ્રમણે સંયમ-સાધનાના પથ પર આગળ વધતી વખતે અમુક કષ્ટ સહન કરવા પડે છે તે જ પરિષહ છે અને એ કષ્ટ સહન કરી તેને જીતવા તે પરિષહ જય કહેવાય છે.

૪) યતિ ધર્મ – સાધુ અને શ્રાવક બંનેનાં ચારિત્રના પાલન માટે જાણવાયોગ્ય અને આચરણીય શ્રમણ ધર્મ છે. યતિ ધર્મ એટલે ઉત્તમ ધર્મ પણ કહી શકાય. તે દશ પ્રકારના છે.

(૧) ક્ષમા – ક્રોધ ન કરવો. સહનશીલતા રાખવી. (૨) માર્દવ – મૃદુતા-કોમળતા-માનનો ત્યાગ-કુળ-રૂપ-શ્રીમંતાઈ-સત્તા-પ્રતિષ્ઠાના અહંકારનો ત્યાગ. (૩) આર્જવ – ઋજુતા-સરળતા હોવી. કુટિલ ભાવ તથા માયાનો ત્યાગ. (૪) મુક્તિ – નિર્લોભતા. આકાંક્ષાઓથી મુક્ત. લોભ કષાય પર વિજય. (૫) તપ – ઈચ્છાઓ પર અંકુશ. તપ તે નિયમ અને અભિગ્રહરૂપ હોય છે. (૬) સત્ય – યથાર્થ વચન. સત્ય વચનનું પાલન. (૭) સંયમ – સત્તર ભેદે સંયમનું પાલન. પાંચ અણુવ્રતનું પાલન. પાંચ ઈન્દ્રિયનો નિગ્રહ ચાર કષાય પર વિજય. મન-વચન-કાયારૂપ ત્રિદંડનો ત્યાગ અને શુભ પ્રવર્તન. (૮) શૌચ – અંતઃકરણની પવિત્રતા. પારકા દ્રવ્ય પ્રત્યેના લોભનો ત્યાગ. (૯) અકિંચન્ય – પરિગ્રહનો ત્યાગ. બાહ્ય-અભ્યંતર બધી વસ્તુમાં મમત્વનો ત્યાગ. (૧૦) બ્રહ્મચર્ય – કામભોગથી વિરતિ. ઈન્દ્રિયસુખ પર વિજય. નવ વાડ સહિત બ્રહ્મચર્યનું પાલન.

૫) બાર ભાવના – એક વિષય પર વારંવાર ચિંતન કરવું તે ભાવના. અધ્યવસાયની શુદ્ધિ અને સ્થિરતા જળવાઈ રહે તે માટે સંસારનું સ્વરૂપ, સંસાર સાથે આત્માનો સંબંધ, તેના કારણે થતી મિથ્યાત્વાદિની કલુષિતતા, તેને દૂર કરવાના ઉપાયો વગેરેનું ચિંતન કરવું તે ભાવના. ભાવનાના સતત અભ્યાસથી સંસાર પ્રત્યે વિરક્ત ભાવ જાગે છે જેના વડે આત્મા ભાવિત થાય અને પ્રશસ્ત ભાવો પ્રગટ થાય તે ભાવના છે.

૧) અનિત્ય ભાવના – સંસારના ભૌતિક પદાર્થો અનિત્ય છે. શરીર, યૌવન, રૂપ ક્ષણભંગુર છે. પદાર્થ પ્રત્યે મમત્વનો ત્યાગ કરી સંસારના વાસ્તવિક સ્વરૂપનું ચિંતન. ભરત ચક્રવર્તી. (૨) અશરણ ભાવના – દુઃખ અને મૃત્યુ આવે ત્યારે જાતે જ ભોગવવાનું છે. કોઈ સમર્થ વ્યક્તિ પણ બચાવી શક્તું નથી. ધર્મ જ સાચું શરણ છે. ઉદાઃ અનાથી મુનિ. (૩) સંસાર ભાવના – એક ભવથી બીજો. એક ગતિથી બીજીમાં પરિભ્રમણ એ જ સંસાર. સંસાર આનંદ-શોક, સુખ-દુઃખથી ભરેલો છે. જીવ તેમાં રઝળે છે. ઉદાઃ મૃગાપુત્ર (૪) એકત્વ ભાવના – હું એકલો છું, કોઈ સાથી નથી. મારાં સંચિત કર્મોના ફળરૂપ સુખ કે દુઃખ મારે જ ભગોવવાનાં છે. હું કોઈનો નથી, કોઈ મારું નથી, ઉદાઃ નમિ રાજર્ષિ (૫) અન્યત્વ ભાવના – આત્મા ને શરીર ભિન્ન છે. આત્મા ચૈતન્ય સ્વરૂપ અને શરીર જડ છે. બાહ્ય પદાર્થમાં મારાપણું દૂર કરવું. આત્મા-અનાત્માને વેગળા સમજવા. ઉદાઃ મરૂદેવી માતા. (૬) અશુચિ ભાવના – સડન-ગલન તે શરીરનો સ્વભાવ છે. તેનું બંધારણ-સ્વભાવ-સ્થિતિ, શરીરનાં લોહી, માંસ, રસ આદિ સાત ધાતુ અપવિત્ર અને ઘૃણિત છે. શરીરનાં નવ દ્વારથી અશુચિ સદા વહેતી રહે છે. આ શરીર પવિત્ર થવાનું નથી તેવી ભાવના ભાવવી. ઉદાઃ સનત ચક્રવર્તી. (૭) આશ્રવ ભાવના – નિર્મળ અને ચિદાનંદ સ્વરૂપ આત્મા અષ્ટ કર્મથી અશુદ્ધ બન્યો છે. આત્મામાં કર્મ જેના વડે આવે તે આશ્રવ. એ કર્મનાં ફળ જીવે ભોગવવા જ પડે છે એમ વિચારવું. આશ્રવનાં દ્વારોનો વિચાર કરવો તે આશ્રવ ભાવના. ઉદાઃ સમુદ્રપાળ મુનિ. (૮) સંવર ભાવના – ચૈતન્ય સ્વરૂપ આત્મા પોતાની નિર્ણળતાને ઢાંકનાર, કલુષિત કરનાર મિથ્યાત્વ આદિ આશ્રવને કેમ દૂર કરવા. નવાં આવતાં કર્મોને કેમ અટકાવવા તેનું મનન કરવું. વ્રત-નિયમ-પચ્ચક્ખાણ વગેરે વડે આશ્રવ રોકવો તે સંવર ભાવના. ઉદાઃ હરિકેશી મુનિ. (૯) નિર્જરા ભાવના – પૂર્વે બાંધેલાં કર્મોને જર્જરિત કરવાના ઉપાયોનું ચિંતવન કરવું. બંધાતાં કે બંધાયેલાં કર્મોને તોડનારું મહત્તમ પરિબળ તપ છે. બાર પ્રકારનાં તપ કરીને પૂર્વે બાંધેલાં કર્મોનો ક્ષય કરવો તેવી ભાવના નિર્જરા ભાવના છે. ઉદાઃ અર્જુન માળી. (૧૦) ધર્મભાવના – દુર્ગતિમાં પડતા જીવો ધર્મ ધારણ કરે છે. બધા જીવો માટે કલ્યાણકારી ધર્મ આપ્તપુરુષોએ પ્રકાશ્યો. તેથી ધર્મ, ધર્મનાં સાધનો, ધર્મની સાધના અને જ્ઞાન-દર્શન-ચારિત્ર એ રત્નત્રયીરૂપ ધર્મ પામવો દુર્લભ છે. અરિહંત ભગવંતને પામવા પણ દુર્લભ છે. તેથી ધર્મના શુદ્ધ સ્વરૂપનું મનન કરી ભાવના ભાવવી. ઉદાઃ ધર્મરુચિ અણગાર. (૧૧) લોકભાવના – લોક જીવ-અજીવ આદિ ષડ્દ્રવ્યમય છે. દરેક દ્રવ્ય ઉત્પત્તિ-સ્થિતિ-ધ્રૌવ્યાત્મક હોવાથી લોક નિત્યાનિત્ય છે. લોક સ્વરૂપનું ચિંતન. ઉદાઃ

શિવરાજ ઋષિ. (૧૨) બોધિ દુર્લભ ભાવના – સમ્યગ્ દર્શનને બોધિ દુર્લભ કહેવાય છે. પુણ્યના યોગે મનુષ્યભવ, આર્યદેશ, નિરોગી શરીર તથા ધર્મ શ્રવણ આદિ પ્રાપ્ત થાય, પણ સમ્યક્ત્વ, ત્રણ તત્ત્વ કે ધર્મસામગ્રી પ્રાપ્ત થવી દુર્લભ છે. આ બોધિપ્રાપ્તિના ઉપાયોનું અનુચિંતન કરવું. ઉદાઃ ઋષભદેવના ૯૮ પુત્રો. ભાવનાના સ્વરૂપને જાણી આચરણ કરવાથી કર્મોનું સંવરણ થાય.

૬) ચારિત્ર – વિશિષ્ટ પ્રકારનું આચરણ તે ચારિત્ર. જિનેશ્વર ભગવંતની આજ્ઞા મુજબની ચર્યા તે ચારિત્ર. જે આવતાં કર્મોને રોકે અથવા આઠ કર્મોનો નાશ કરે તે ચારિત્ર. સંયમરૂપ આચરણને જ ચારિત્ર કહેવાય છે. તેના પાંચ પ્રકાર છેઃ

૧) સામાયિક ચારિત્ર – જ્ઞાન-દર્શન-ચારિત્રની પ્રાપ્તિ તે સામાયિક છે. સમભાવની પ્રાપ્તિ એટલે જ સામાયિક. જેના વડે રાગદ્વેષ ઓછા થાય છે તે સામાયિક છે. જેમાં સાવદ્ય યોગોનો (૧૮ પાપ) ત્યાગ થાય અને નિર્વિઘ્ન યોગનું સેવન થાય તે સામાયિક ચારિત્ર છે.

a) દર્શનની પ્રાપ્તિ તે સમ્યક્ત્વ સામાયિક

b) સમ્યક્ જ્ઞાનની પ્રાપ્તિ તે શ્રુત સામાયિક

c) દેશથી (અંશથી) વિરતિની પ્રાપ્તિ તે દેશવિરતિ સામાયિક.

d) સંપૂર્ણ વિરતિની પ્રાપ્તિ તે સર્વવિરતિ સામાયિક.

સર્વ વિરતિમાં થોડા સમય માટે સાવદ્ય યોગોનો ત્યાગ તે ઈત્વરિક સામાયિક ચરિત્ર. શ્રાવક જેનું પાલન કરે છે તે અને જિંદગી સુધી (જાવજ્જીવ) સંપૂર્ણ સાવદ્ય યોગોનો ત્યાગ તે યાવત્કથિક સામાયિક ચારિત્ર છે. શ્રમણ આ પ્રકારની સામાયિક કરે છે. (૨) છેદોપસ્થાપનીય ચારિત્ર – છેદ + ઉપસ્થાપના. છેદ અર્થાત્ પહેલા જેટલા સમયની દીક્ષા પાળી હોય તેની ગણતરી ન કરવી તે પૂર્વપર્યાય છેદ એક ઉપસ્થાપના એટલે ફરીથી મહાવ્રતોનું આરોપણ તે છેદોપસ્થાપનીય ચારિત્ર કહેવાય. નાની દીક્ષામાંથી મોટી દીક્ષા આપવી. માત્ર પ્રથમ અને અંતિમ તીર્થંકરના શાસનમાં જ છેદોપસ્થાપનીય ચારિત્ર આપવામાં આવતું. (૩) પરિહાર વિશુદ્ધ ચારિત્ર – પરિહાર એટલે તપોવિશેષ. વિશિષ્ટ વિશુદ્ધિમય આચારનું પાલન તે પરિહાર વિશુદ્ધ ચારિત્ર. તપ વડે કર્મનિર્જરારૂપી શુદ્ધિ કરવામાં આવે છે. આ ચરિત્ર પાંચ ભરત-પાંચ ઐરવતમાં પડેલા-છેલ્લા તીર્થંકરના શાસનમાં જ હોય છે. બીજું અને ત્રીજું ચારિત્ર મહાવિદેહ ક્ષેત્રમાં ક્યારેય ન હોય. (૪) સૂક્ષ્મ સંપરાય ચારિત્ર – સંપરાય એટલે કષાય. જેના બધા કષાય નષ્ટ થઈ ગયા હોય, માત્ર સૂક્ષ્મ લોભરૂપ કષાયનો ઉદય રહે છે. શ્રેણીમાં ચડતા અને ઉપશમ શ્રેણીથી પડતાં ૧૦મા (દશમા) ગુણસ્થાને આ ચારિત્ર હોઈ શકે. (૫) યથાખ્યાત ચારિત્ર – જેમાં કષાયો ઉદયમાન નથી હોતા, તેથી કષાયોનો ઉપશમ કે સર્વથા ક્ષય હોય છે. તેને યથાખ્યાત કે વીતરાગ ચારિત્ર કહે છે. કષાયોથી રહિત હોવાથી સંપૂર્ણ વીતરાગ અવસ્થા (રાગ-દ્વેષરહિતપણું) પ્રાપ્ત થાય છે તે ચારિત્ર. આ ચારિત્રના આચરણથી જન્મ-જરા-મરણરહિત એવું મોક્ષસ્થાન પામે. ૧૧થી ૧૪મા ગુણસ્થાને આ અવસ્થા હોય છે. આ ચારિત્રના આરાધક મુનિ બે પ્રકારના હોય છે. ઉપશાંત કષાયી મુનિ – જેઓ તે જ ભવમાં સંસારનો અંત કરી શકતા નથી અને ક્ષીણ કષાયી મુનિ-જેઓ તે જ ભવમાં સંસાર પરિભ્રમણનો અંત કરે છે.

આમ આપણે સત્તાવન પ્રકારે સંવર થઈ શકે છે તે વિશે જોયું અને આમ સત્તાવન પ્રકારે સંવરકરણી આદરવાથી આત્મારૂપી વહાણમાં આશ્રવરૂપી છિદ્રોમાંથી પાપરૂપી પાણી આવતું બંધ થાય છે અને વહાણ સંસારસમુદ્રને પેલે પાર સહીસલામત પહોંચી શકે છે.

શ્રી ઘોઘારી વીસા શ્રીમાળી જૈન મહિલામંડળ ફેડરેશન સંચાલિત પ્રોજેક્ટ

'સગપણ સેતુ'

આજના આપણા સાંપ્રત સમાજની એક સમસ્યા એટલે આપણાં દીકરા-દીકરીનાં વેવિશાળ. તેમને યોગ્ય પાત્ર મળી રહે તે માટે અમારી ઉપરોક્ત સંસ્થાએ આ પ્રોજેક્ટ શરૂ કરેલ છે.

ચારે ફિરકાના નવકાર ગણતાં કોઈ પણ જૈન કન્યા-મુરતિયાના બાયોડેટા વિનામૂલ્યે વેસ્ટર્નમાં કાંદિવલી અને સેન્ટ્રલમાં મુલુંડ સેન્ટરમાં લેવામાં આવે છે.

તમે તમારાં દીકરા-દીકરીના બાયોડેટાની બે કૉપી ફોટા સાથે આપી અન્ય બાયોડેટા શનિવારે સવારના ૧૧થી ૧માં નીચેના ઍડ્રેસ પર જઈ મેળવી શકો છો.

કાંદિવલી : શ્રી કાંદિવલી ઘોઘારી ટ્રસ્ટ, ડી-૧, માતૃઆશિષ, એસ. વી. રોડ, બાલભારતી સ્કૂલની બાજુમાં, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૭. ફોન : ૨૮૦૬૩૩૪૦

મુલુંડ : મુલુંડ ઘોઘારી મિત્ર મંડળ, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ).

વાચક મિત્રો, આપ આપના સ્નેહી, સંબંધી, મિત્રોને 'સગપણ સેતુ'ની નિઃશુલ્ક સેવાનો લાભ લેવા જરૂરથી જણાવશો જેથી આપણા જૈન સમાજનાં કન્યા-મુરતિયા પોતાને યોગ્ય પાત્ર વિનામૂલ્યે મેળવી શકે. વિશેષ માહિતી માટે સંપર્ક : ૯૨૨૪૩૯૬૦૯૫. ધન્યવાદ.

લિ. નયના દોશી – 'સગપણ સેતુ' કમિટી વતી

શ્રી નેમિનાથ પરમાત્માના શાસનનાં અધિષ્ઠાયિકા અંબિકાદેવીની ઉત્પત્તિ

સોરઠ દેશના આભરણ સ્વરૂપ રૈવતાચલ પર્વતની દક્ષિણ દિશામાં દાક્ષિણ્યતા અને ન્યાયથી રક્ષિત થયેલું અને સમૃદ્ધિ વડે કુબેર ભંડારી જેવા માનવોથી ભરપૂર એવું કુબેર નામનું એક ઉત્તમ નગર હતું, જ્યાં આશ્ચર્યના અવલોકનથી નગરજનોનાં નેત્રરૂપી કમળો જેમાં વિકસિત થયેલાં હોય એવાં કમળવનો હતાં, જ્યાં શત્રુઓની શ્રેણીનો નાશ કરનારો ઊંચો કિલ્લો હતો, વળી જ્યાં પાપનો પ્રલય કરનારાં મંદિરો હતાં, વળી પ્રત્યેક ચૈત્યમાં અરિહંત પરમાત્માની આશ્ચર્યદાયક પ્રતિમાની ભક્તિના પુણ્ય પ્રભાવે નગરજનો લક્ષ્મીસંબંધી સુખને યુક્તિથી પ્રાપ્ત કરી રહ્યા હતા. ઈન્દ્રસમાન યશનામકર્મના ઉદયના ગુણવાળો, શત્રુરૂપી ગજેન્દ્રને વિદારવામાં વનકેસરી, પ્રયત્ન વગર મનોવાંછિત દાનકર્તા, યાદવવંશના રત્નરૂપ કૃષ્ણ નામનો રાજા રાજ્ય કરતો હતો.

'આ જગતમાં રત્નત્રયીનો આધાર ધર્મ જ છે,' એમ જણાવવાના ચિહ્નરૂપે ત્રણ સૂતરના દોરાથી સુશોભિત અંગવાળો, મુનિભગવંતોની વાણીના અમૃતરસથી સિંચાયેલ બોધિવૃક્ષવાળો, અદ્‌ભુત મનોહર વિદ્યાને ધારણ કરતો દેવભટ્ટ નામનો બ્રાહ્મણ હતો. તેની દેવલ નામની ધર્મપત્ની હતી, જેનાથી તેને સોમભટ્ટ નામના પુત્રની પ્રાપ્તિ થઈ હતી. શૈશવ, કુમાર અવસ્થાઓ વટાવી સોમભટ્ટે યૌવનના ઉંબરે ડગ ભર્યાં ત્યારે શીલાદિ અનેક ગુણસમૂહથી અલંકૃત એવી સાક્ષાત્ લક્ષ્મીસમાન અંબિકા નામની કન્યા સાથે તેનાં લગ્ન થયાં. કાળક્રમે દેવભટ્ટ બ્રાહ્મણ મરણ પામતાં તેના આત્માની સાથેસાથે મિથ્યાત્વથી કલુષિત એવા તેના ગૃહમાંથી જૈન ધર્મ પણ દૂર થયો અને તેઓ નિરંતર શ્રાદ્ધના દિવસોમાં કાગડાને પિંડ આપવો, નિત્ય પીપળાની પૂજા કરવી વગેરે પ્રવૃત્તિ કરવા લાગ્યા. અંબિકા તો તેઓની સાથે રહેતી હોવા છતાં ભદ્રક પરિણામી હોવાથી જૈન ધર્મમાં દૃઢ હતી.

એકવાર દેવભટ્ટ બ્રાહ્મણના શ્રાદ્ધનો દિવસ હતો તેથી ખીરાદિ વિવિધ ભોજન રસોઈઘરમાં તૈયાર થયાં હતાં. તે અવસરે મધ્યાહ્નકાળમાં શમ અને સંવેગની સાક્ષાત્ મૂર્તિસમાન માસોપવાસી મુનિયુગલ ભિક્ષાર્થે તેના ઘરે પધારે છે. તપ અને ક્ષમાથી જાણે સૂર્ય, ચંદ્ર જેવા ન હોય! એવા મુનિયુગલને નિહાળી હર્ષવિભોર બનેલી પ્રકૃષ્ટ ભક્તિભાવના કારણે રોમાંચિત થયેલા દેહવાળી અંબિકા વિચાર કરે છે, 'અહો! આજે આ પર્વના દિવસે સકલ વિશ્વને પાવનકારી બનાવવા માટે સમર્થ એવા મુનિભગવંતોનાં મારા ઘરઆંગણે પગલાં થતાં મારા પુણ્યનો પ્રકર્ષ થયો, મુનિદર્શનથી નેત્રો નિર્મળ થયાં. હાલ મારાં સાસુ પણ ઘરમાં નથી અને સાધુભગવંતને પ્રયોગ્ય નિર્દોષ એવું ભોજન પણ તૈયાર છે, તો લાવ આ સુવર્ણ અવસરને પામી શ્રમણ ભગવંતોને સુપાત્ર દાન કરી મારા મનુષ્યભવને સફળ કરું.' પછી આ પ્રમાણે ચિંતન કરતી અંબિકા પોતાના સ્થાનથી ઊભી થઈ. ભક્તિસભર હૈયે સ્વગૃહે રહેલા શુદ્ધ અન્નપાનાદિ ભોજન વડે પોતાને લાભ આપવા માટે મુનિભગવંતોને આજીજીભરી વિનંતી કરે છે. શાસ્ત્રાભ્યાસમાં પ્રવીણ એવા મહાત્માઓ પણ ખૂબ જ ગવેષણા કરી, પોતાને પ્રાયોગ્ય એવા ભોજના દિને દ્રવ્ય અને ભાવ ઉભયથી શુદ્ધ જાણીને ૪૨ દોષ વર્જિત ભિક્ષાને ગ્રહણ કરી ધર્મલાભપૂર્વક આશિષ આપી સ્વસ્થાને પાછા વળે છે. અંબિકાના ચિત્તમાં સુપાત્ર દાનરૂપી ઘંટનાદનો રણકાર ચાલુ જ રહ્યો અને સતત પોતાને મળેલા લાભની અનુમોદના કરતાં કરતાં અઢળક પુણ્ય રાશિના સંચય દ્વારા સુકૃતના લાભનો ગુણાકાર કરી રહી હતી.

અંબિકાના હૈયાના ભાવો આસમાને ચઢી રહ્યા હતા ત્યારે પાડોશમાં રહેલી સ્ત્રી મુનિદાનના દૃશ્યને નિહાળી ઈર્ષ્યાથી સળગી ઊઠી, પોતાનું મોં વાંકું કરી વિકૃત કરાયેલા ચહેરાવાળી સાક્ષાત્ રાક્ષસી હોય તેમ પોતાના ઘરમાંથી બહાર આવી, પોતાના બંને હાથોને ઉછાળતી આજુબાજુના સઘળા પાડોશીની વચ્ચે અંબિકાને ઠપકો આપવા લાગી, 'હે સ્વચ્છંદચારિણી વહુ! તને ધિક્કાર થાઓ! આ તારું કેવું વિચિત્ર આચરણ છે? આજે આ શ્રાદ્ધના દિવસે હજુ તો પિતૃજનને પિંડદાન પણ કરવામાં નથી આવ્યું, દેવતાઓને પણ પિંડ આદિ ધરવામાં આવ્યા નથી. બ્રાહ્મણોને પણ હજુ જમાડવામાં આવ્યા નથી તેની પહેલાં મુંડિયાઓને દાન આપીને તેં તો તે સર્વ ભોજનને એઠું કરી નાખ્યું! આ તારી સાસુ ઘરમાં નથી તેથી તું આવું સ્વેચ્છાચારી વર્તન કરે છે? વૈશ્યકુળને યોગ્ય એવું તારું આચરણ જરા પણ યોગ્ય નથી!'

આ રીતે ગાંડીઘેલી બનેલી પાડોશણ બુમબરાડા પાડતી

તેના ઘરમાં ઘૂસીને તેની સાસુને બોલાવવા લાગી. અંબિકાએ કરેલ પ્રવૃત્તિને મીઠું-મરચું ભભરાવીને તેણે દુરાચરણ કરેલ છે તેમ જણાવી તેની સાસુને પણ ક્રોધાતુર બનાવી દીધી. તેની સાસુ પણ વાયુથી પ્રેરાઈને ધુમાડાના ગોટેગોટા ઊડવા માંડે તેમ આ બધી વાતો સાંભળીને ક્રોધાંધ બનીને અંબિકા પર ફિટકાર વરસાવવા લાગી.

'અરે રે હીનકુલિન, દુરાચારિણી! મારા જીવતે જીવ તું આ સ્વચ્છંદ વર્તન કેમ કરે છે? હજુ હું જીવતી છું છતાં આ રીતે દાન આપવા સત્તા તને કોણે આપી?' આ પ્રમાણે કટુવચનો વડે અંબિકાને તિરસ્કારવા લાગી ત્યારે સાસુ અને પડોશણ વચ્ચે રહેલી અંબિકા વાદળના પટ અને રાહુ મંડળની વચ્ચે રહેલ ચંદ્રની કળા ક્ષીણ થાય તેમ કૃષ થઈને અંતરથી કંપવા લાગી.

એ અવસરે તેનો પતિ સોમભટ્ટ પણ બ્રાહ્મણોને બોલાવીને સ્વગૃહે આવ્યો. તે પણ માતા અને પડોશણનાં વચનોથી ખૂબ જ રોષે ભરાયેલો અંબિકા પર તિરસ્કારની ઝડી વરસાવવા લાગ્યો. તે વખતે નિરપરાધી હોવા છતાં સૌના આવાં કઠોર વચનોને સાંભળી મનમાં અત્યંત દુઃખી હોવા છતાં તે મૌનપૂર્વક પોતાના પુત્ર યુગલને લઈ ઘરનો ત્યાગ કરી ચાલી ત્યારે રૂદન કરતી એવી તે માર્ગમાં વિચારે છે કેઃ-

'અહો! મેં મારાં સાસુ-સસરાનાં કોઈ વચનનું આજ સુધી ઉલ્લંઘન કર્યું નથી, નિત્ય પતિની ભક્તિમાં તત્પર રહી ઉભય કુળમાં ચર્ચાસ્પદ બને તેવું કોઈ અપ્રિય કાર્ય કર્યું નથી, અરે! દેહને દુઃખ આપીને પણ ઘરનાં બધાં કાર્યો કરું છતાં નિરપરાધી એવી મને જનસંપદા સમક્ષ અંબિકા તિરસ્કારે છે. અરે! આજના પર્વના પુણ્ય દિવસે સાધુયુગલને નિર્દોષ ભિક્ષાનું દાન કરી ઉભય કુળને કલ્યાણકારી એવું કાર્ય કરવા છતાં મિથ્યાત્વથી અંધ બનેલા તેઓ મને નિરર્થક હેરાન કરે છે, શું મહામિથ્યાત્વનો ઉદય છે! જેથી આ લોકો અતિશય સુકાયેલા વૃક્ષને જલના સિંચન દ્વારા ફલવત્ બનાવવાના નિરર્થક પ્રયત્નોની માફક પુત્રો દ્વારા અપાયેલા પિંડાદિ વડે મરેલાં પ્રાણીઓને પ્રસન્ન કરવાના નિરર્થક પ્રયત્ન કરે છે, જેમ ઘુવડ સૂર્યપ્રકાશમાં જોઈ શકતું ન હોવાથી તે સૂર્યની નિંદા કરે તેમ આ મિથ્યાત્વી લોકો અનંતપુણ્યફળને આપનારા સુપાત્ર દાનની નિન્દા કરે છે, હવે મારે આ બાબત પ્રલાપ કરવો નકામો છે. મેં તો આ સુકૃત દ્વારા મારા દાનના ફળને સારી રીતે ગાંઠ બાંધીને સાચવી લીધું છે. બસ! હવે હું તેની જ અનુમોદના કરું, હવે હું આ ગૃહવાસનો ત્યાગ કરી ભવસમુદ્રમાં શરણ કરવાયોગ્ય તે મુનિયુગલનું શરણું સ્વીકારું છું. હવે રૈવતગિરિ પર જઈ ઈષ્ટદેવ એવા જિનેશ્વર પરમાત્માનું ધ્યાન ધરીને મારા અનંતાભવોનાં અશુભ કર્મોનો નાશ કરવા માટે નિરંતર તપશ્ચર્યા કરું,' આવો વિચાર કરતાં સ્વસ્થ ચિત્તવાળી બનીને એક બાળકને કેડ પર મૂકી, બીજાને હાથની આંગળી પકડાવી શ્રી નેમિપ્રભુનું ધ્યાન ધરતી તે રૈવતાચલ પર્વત તરફ આગળ ચાલી.

અનેક દુઃખોથી આકુળ-વ્યાકુળ અંબિકા ધરાને માપતી માપતી આગળ નગરથી બહાર થોડેક દૂર પહોંચે છે ત્યાં કેડ પર બેઠેલો વિભુકર નામનો નાનો બાળક અસ્પષ્ટ વર્ણન વડે કંઈક બોલતોબોલતો રડવા લાગ્યો. અતિતૃષા લાગવાથી ને શિશુ મુખકમળમાંથી લાળ અને આંખોથી અશ્રુધારા વહાવતો પાણીપાણી કહી આક્રંદ કરવા લાગ્યો. ત્યાં તો આંગળીએ રહેલો બીજો શુભંકર નામનો બાળક ભૂખથી પીડાતો અને માર્ગમાં સતત ચાલવાથી થાકના કારણે 'હે માતા, એમ કહેવા લાગ્યો. મને ખાવાનું આપ! હે માતા મને ભોજન આપ! મને ભૂખ લાગી છે!' માખણના પિંડ જેવાં સુકોમળ બાળકોની વેદનાની કિકિયારી સાંભળી અત્યંત બેબાકળી બની જાય છે.

ગ્રીષ્મ ઋતુના સૂર્યના તાપથી તપેલી પૃથ્વી પર ભૂખ-તરસાદિ અનેક દુઃખોથી ખૂબ દુઃખી થયેલી તે વિચારે છે, 'મને ધિક્કાર થાઓ! હું મારાં બાળકોની ભૂખ-તરસ છિપાવવા માટે પણ સમર્થ નથી. હે વિધાતા! તેં આ રીતે માત્ર દુઃખથી ભરેલી એવું મારું સર્જન શા માટે કર્યું? હે ધરતીમાતા! મને અવકાશ આપો! જેથી હું તેમાં પ્રવેશી મારાં સર્વ દુઃખોનો નાશ કરું અથવા આ મારા જંગલના બડબડાટથી શું? મારા પૂર્વભવોનાં વિષમ કર્મોનો જ આ વિપાક લાગે છે તેથી ભલે ને મારા પર બધાં જ દુઃખો એકસાથે તૂટી પડે! ભલે જે થવાનું હોય તે થાય, હવે તો હું આ દુઃખોને સ્વીકારીને જ રહીશ. બસ! માત્ર જિનેશ્વર પરમાત્માનું શરણ જ મારા હૈયામાં સ્થાપિત થાઓ!' આ ચિંતન કરી અંબિકા નિઃશ્વાસના પવનથી પાસે રહેલાં વૃક્ષોને ઈષત્ કંપાવતી જરા નીચે બેઠી, એટલામાં તો તેણે પોતાની આગળ થોડે દૂર સ્વચ્છ શીતલ જળથી ભરેલું એક પવિત્ર સરોવર જોયું. તેની બન્ને બાજુએ કોયલના ટહુકારના શબ્દોની સાથે જ પાકેલાં પીળાં આમ્રફળોની લુંબો તેના હાથમાં આવી. અંબિકાએ તરત જ બાળકોને સરોવરના જળનું પાન અને આમ્રફળનું ભોજન કરાવીને સંતુષ્ટ કરી મુનિદાનનું આ કેવું તાત્કાલિક ફળ પ્રાપ્ત થયું છે! તેવું વિચારી તે જિન ધર્મમાં વધુ દૃઢ મનોબળવાળી બની ને થોડી વાર વિશ્રામ લેવા બેઠી.

આ તરફ અંબિકાની સાસુ દેવલ અંબિકાનો તિરસ્કાર કરી મુનિદાનના કારણે વધેલા ભોજનને એઠું માનીને નવું ભોજન પકાવવા માટે ભોજનથી ભરેલાં વાસણોને જુએ છે. જ્યાં તે વાસણો જોવા માટે ખોલ્યાં ત્યાં તો જાણે કે પારસમણિના સ્પર્શથી પાષાણ પણ સુવર્ણમય બની જાય તેમ સુપાત્ર દાનના મહાપ્રભાવથી તે વાસણો સુવર્ણમય અને ભોજનાદિથી સંપૂર્ણ ભરેલાં જુએ છે. બસ! આ અવસરે અત્યંત આશ્ચર્ય સાથે વિસ્મય પામેલી દેવલ આ પ્રમાણે વિચારે છે, 'અરે! નિરપરાધી, સાક્ષાત્ કલ્પલતા જેવી જંગમ લક્ષ્મી જેવી વહુને નિર્ભાગી એવી મારા વડે ઘરમાંથી બહાર કાઢી મુકાઈ! મને ધિક્કાર છે!' તે સમયે આકાશવાણી થાય છે કે, 'અરે! અભાગિણી! અંબિકાના સુપાત્ર દાનના સુખકારી ફળનો માત્ર અંશ જ તને દેખાડ્યો છે, પરંતુ પ્રચંડ પુણ્યશાળી એવી અંબિકાનો વૈભવ તો અદ્‌ભુત છે, તે તો આ સુપાત્ર દાનના ફળ સ્વરૂપે દેવોના પણ સ્વામી વગેરે દ્વારા પૂજવાયોગ્ય ઉત્તમ સ્થાનને પ્રાપ્ત કરશે.' આવી દિવ્ય આકાશવાણી સાંભળીને ભય પામેલી દેવલ ઝડપભેર પુત્ર પાસે દોડી જઈને સકળ ઘટના જણાવીને અંબિકાને શોધીને પાછી લઈ આવવા માટે સોમભટ્ટને મોકલે છે.

માતાની વાત સાંભળીને સોમભટ્ટ પણ પોતાની જાતની નિંદા કરતો હૈયામાં અંબિકા પ્રત્યે અત્યંત આદરભાવ ગ્રહણ કરી ઉતાવળે પગલે તેની શોધમાં નીકળી પડે છે. એક પછી એક શેરીઓને વટાવતો વટાવતો નગર બહાર નીકળી જંગલ તરફના માર્ગે આગળ ચાલતો હતો ત્યાં દૂરથી બે બાળકોને સાથે લઈ નદી, વૃક્ષ અને કોતરોને બાજુએ મૂકી આગળ ચાલતી અંબિકાને જુએ છે. હૈયામાં સ્નેહના ફુવારા ઊછળવા લાગ્યા અને વિરહની વ્યથા સાથે અત્યંત વ્યાકુળ બનેલો સોમભટ્ટ બૂમ મારે છે, 'ઓ અંબિકા! મારી પ્રિયા! તું થોડી વાર ઊભી રહે! હું આવું જ છું!' કર્મસંયોગે સોમભટ્ટના લાગણીભર્યા શબ્દોને અસ્પષ્ટ સાંભળીને, તેને ખૂબ જ ઝડપથી પોતાની દિશામાં આવતો જોઈને અંબિકા ભય પામે છે.' નિશ્ચિત આ મને મારવા જ આવે છે, આ અરણ્યમાં મારા જેવી અબળાનું કોણ રક્ષણ કરશે? આ નિર્દય અને દુષ્ટ તો મારા પર શું શું અત્યાચાર કરશે તેની ખબર નથી, હવે હું અહીંથી બચવા શું કરીશ? જાણે કે આકાશમાંથી પડેલાને કોઈ આધાર ન હોય તેમ હું નિરાધાર બની ગઈ છું, હવે તો મરણ એ જ મારું શરણ છે.' આવા વિચારોના ઊંડા કૂવામાં પડે છે ત્યાં જ નજીકમાં રહેલા કૂવાની પાળે આવીને અંદર કૂદી પડવા તત્પર બનેલી અંબિકા બોલે છે,

'શ્રી અરિહંતભગવંતનું મારે શરણ હો!
શ્રી સિદ્ધભગવંતનું મારે શરણ હો!
શ્રી સાધુભગવંતનું મારે શરણ હો!
શ્રી જિનપ્રણીત ધર્મનું મારે શરણ હો!

દ્વિજ, દરિદ્રી, કૃપણ, ભિલ્લ, મ્લેચ્છ, કલંકી અને અધમ કુળમાં તેમ જ અંગ, બંગ, કુરૂ, કચ્છ અને સિંધુ વગેરે અનાર્ય દેશમાં મારો જન્મ થાઓ!'

યાચકપણું, મૂર્ખપણું, અજ્ઞાનીપણું, કૃપણપણું, મિથ્યાત્વ, સેનાપતિપણું, વિષ, અસ્ત્ર તથા મદ્યાદિરસ પદાર્થોનો વેપાર અને પ્રાણીઓનાં ખરીદી-વેચાણ મને ભવાંતરમાં ક્યારેય પ્રાપ્ત ન થાઓ!

આ મુનિયુગલને સુપાત્ર દાનના પ્રભાવથી દેવ-ગુરુ અને ધર્મરત્નને જાણનારા, દેવને પૂજનારા, દાતાર, અધિકારી, ધનાઢ્ય અને હિતાહિતનો વિવેક કરનાર એવા કુળમાં તથા સૌરાષ્ટ્ર, મગધ, કીર, કાશ્મીર અને દક્ષિણ દિશાના દેશમાં મારો જન્મ થાઓ!

ધનાઢ્યતા, દાતારપણું, આરોગ્યતા અને ઈન્દ્રિયોનું સંપૂર્ણપણું મને પ્રાપ્ત થાઓ! પ્રાણી પર અનુકંપા, દુઃખીજનની રક્ષા અને યોગ્યનો આશ્રય મળો!

આ પ્રમાણે મનોરથોના મિનારે આરોહણ કરતાં કરતાં બન્ને બાળકો સાથે જ કૂવામાં ઝંપાપાત કર્યો અને તરત મરીને અનેક ઋદ્ધિમાન વ્યંતરના સમૂહ વડે સેવવા યોગ્ય વ્યંતર જાતિમાં દેવી તરીકે ઉત્પન્ન થઈ. ઝડપથી તેની પાછળ આવતો સોમભટ્ટ ''હે અંબિકા! હે પ્રિયા, તું મા પડ! તું મા પડ!'' એમ બૂમો મારતો હાંફતો હાંફતો કૂવાની પાળે આવે છે ત્યારે તો અંબિકા અને બે બાળકોને કૂવામાં પડી મૃત્યુ પામેલાં નિહાળી અતિદુઃખી થયેલ તે વિચારે છે કે ''મારા જેવા મૂર્ખને ધિક્કાર છે! હું કેવો દુષ્ટ છે કે સાક્ષાત્ લક્ષ્મી સમાન પત્ની અને રાજકુંવર જેવા બે પુત્રોને મેં ઘરમાંથી કાઢી મૂક્યાં, તે ત્રણેયનાં મરણ બાદ હવે મારે જીવવાનું શું કારણ છે? હવે તો મારે પણ મરણ એ જ શરણ છે'', તેવું ચિંતવતો સોમભટ્ટ પણ અંબિકાનું ધ્યાન ધરતાં ધરતાં કૂવામાં ઝંપલાવી મરણને શરણ થાય છે. અંતકાળે અંબિકાનું સ્મરણ કરી કૂવામાં પડેલ સોમભટ્ટ કંઈક પુણ્યસંયોગે મરીને અંબિકાદેવીના વાહનરૂપે સિંહ સ્વરૂપી દેવ થાય છે.

મંગલપ્રભાતના સૂર્ય જેવી સુવર્ણ કાંતિવાળા દેહ થકી સ્વર્ગલોકની ઉર્વશી અને અપ્સરાઓના સૌંદર્યના સમૂહને રૂપ વડે જીતી લીધું છે, સૂર્યોદય અવસરે જેમ ચારેદિશા તેજસ્વી રશ્મિ વડે પુરાઈ જાય તેમ જેના દેહની પ્રભા સમસ્ત

દેવલોકની દિશાઓમાં પ્રસરી ગયેલ છે, વનકેસરી સિંહ વાહન પર આરૂઢ થયેલ, સર્વ અંગોથી સુંદર, બહુમૂલ્યવાન મણિ-સુવર્ણ-રત્નાદિ આભૂષણોથી વિભૂષિત થયેલ, અનેક દેવ-દેવીઓ વડે ઉપાસના કરાતી, એક બાળક ખોળામાં અને એક બાળક સમીપ ઊભો છે તેમ બે બાળકોથી અલંકૃત, ચાર ભૂજાધારી, જેમાં જમણા બે હાથમાં પાશ અને ડાબા બે હાથમાં આંબાની લૂમ ધારણ કરેલ, સુવર્ણવર્ણીય, વરદાન આપવામાં પ્રવીણ વાણીવાળી, એવા અચિન્ત્ય પ્રભાવવાળી અંબિકાદેવીને નિહાળી તેના છડીદારરૂપે રહેલા બે દેવો પૂછે છે, ''હે સ્વામિની! પૂર્વભવમાં આપે એવા તો શું તપ કર્યા? દાન દીધું? તીર્થભક્તિ કરી? કે અન્ય કોઈ સુકૃત કર્યા? કે જેના મહાપ્રભાવથી આ વ્યંતરલોકની દિવ્ય દેવાંગનાઓને પણ સેવવા યોગ્ય અમારાં સ્વામિની થયાં?'' તે પ્રતિહારદેવના વચન સાંભળી અંબિકાદેવીએ અવધિજ્ઞાનના ઉપયોગ વડે પોતાના પૂર્વભવને નિહાળી સર્વવૃત્તાંત કહ્યો અને જૈન ધર્મના મહોપકારોનું સ્મરણ કરતાં આભિયોગિક દેવો વડે રચાયેલા દેવવિમાન દ્વારા સર્વ દિશાઓને પ્રકાશમાન કરતા ઝડપભેર રૈવતગિરિમાં સહસાવનના રમણીય સ્થાનમાં પધાર્યા.

તે અવસરે આ તરફ મયુરના મધુર કિંકાર અને કોયલના ટહુકાર કરતાં સહસાવનના ઉદ્યાનમાં ''વેતસ'' વૃક્ષની નીચે અઠ્ઠમતપ સમેત કાયોત્સર્ગમાં સ્થિર રહેલા શ્રી નેમિપ્રભુનાં સર્વ ઘાતી કર્મોનાં બંધનો તૂટ્યાં અને આસો વદ અમાસ (ગુજરાતી ભાદરવા વદ અમાસ)ની અંધારી રાત્રિએ ચંદ્રના ચિત્રા નક્ષત્ર સમયે શ્રી નેમિપ્રભુને અનાદિકાળનાં ઘન ઘાતી કર્મોના અંધકારને ભેદી નાખનાર કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ. સ્વ આચાર અનુસાર ક્રોડો દેવતાઓએ સમવસરણની રચના કરી, એકસો વીસ ધનુષ્ય ઊંચા ચૈત્યવૃક્ષની નીચે રચાયેલા સિંહાસન પર પ્રભુ ''નમો તિત્થસ્સ'' કહીને આરુઢ થયા. અન્ય ત્રણ દિશાઓમાં વ્યંતર દેવતાઓએ સાક્ષાત્ પ્રભુની પ્રતિકૃતિ સ્વરૂપ પ્રભુનાં ત્રણ બિંબો સ્થાપ્યાં. સમવસરણના રજત, સુવર્ણ અને રત્નમય ત્રણ ગઢમાં સૌ જીવોએ પરમાત્માને વંદન કરી યથાયોગ્ય સ્થાન ગ્રહણ કરવા સાથે અંબિકાદેવીએ પણ પોતાનું સ્થાન ગ્રહણ કરી લીધું. ચતુર્વિધ સંઘ સાથે તિર્યંચના જીવો પણ પ્રભુની દેશના સાંભળવા માટે ઉત્સુક બન્યા.

બાળબ્રહ્મચારી શ્રી નેમિનાથ પ્રભુએ પોતાની પ્રથમ દેશનાનો પ્રારંભ કર્યો-

धर्मो जगद्बन्धुरकारणेन, धर्मो जगद्वत्सल आर्तिहर्त्ता।
क्षेमंकरोऽस्मिन्, भुवनेपि धर्मो, धर्मस्ततो भक्तिभरेण सेव्यः।

''જગતમાં ધર્મ તે કારણ વગરનો બંધુ છે, ધર્મ જગત્વત્સલ છે, ધર્મ પીડાઓનો નાશ કરનાર છે, આ ભુવનમાં ક્ષેમંકર અર્થાત્ સૌની સારસંભાળ રાખનાર છે. તેથી સર્વેએ અત્યંત ભક્તિપૂર્વક ધર્મનું સેવન કરવા યોગ્ય છે.''

સમ્યક્ત્વ એ આ ધર્મરૂપી કલ્પવૃક્ષનું બીજ છે, ધર્મનું પાલન કરવામાં યથાશક્તિ ઉદ્યમ કરવો તે ધર્મનું થડ છે, સુપાત્ર દાન, અખંડ શીલપાલન, યથાશક્તિ તપાચરણ અને શુભભાવ એ ધર્મની ચાર શાખા (ડાળી) છે.

સુવાસના, કોમળતા, અનુકંપા, આસ્તિક્યાદિ ધર્મવૃક્ષનાં પાંદડાં છે, સિદ્ધાચલ-રૈવતાચલાદિ તીર્થસેવા, જિનપૂજા, સદ્ગુરુસેવન અને પંચપરમેષ્ઠિ મંત્રપદ એ ધર્મવૃક્ષની અગ્રશાખાના પુષ્પાંકુર છે, સ્વર્ગાદિ સુખો તે ધર્મવૃક્ષનાં પુષ્પો છે અને મોક્ષસુખ તે ધર્મવૃક્ષનું ફળ છે.

આ તત્ત્વને હૃદયકમળમાં સ્થાપન કરી જે જીવો તથા ભવ્યત્વાદિ સર્વસામગ્રીની પ્રાપ્તિ સાથે અનંત ભવભ્રમણમાં ભટકાવનાર પ્રમાદદશાનો ત્યાગ કરી આ ધર્મરૂપી કલ્પવૃક્ષનું સેવન કરશે તે જીવો શીઘ્રતમ શાશ્વત સુખના ભોગી બનશે.

શ્રી નેમિપ્રભુની વૈરાગ્યઝરતી અસ્ખલિત ધારાની દેશનાનું શ્રવણ કરી અમૃતપાન કર્યું હોય તેમ સર્વપર્ષદા પરમસંતોષને પામે છે. વરદત્તરાજા વૈરાગ્ય પામી પોતાના હજાર સેવકો સમેત રાજવૈભવ સાથે દીક્ષા ગ્રહણ કરી અઢાર ગણધરોમાં મુખ્ય ગણધરપદને પામે છે, યક્ષિણી નામની રાજકન્યા પ્રભુ પાસે દીક્ષા ગ્રહણ કરી અન્ય સાધ્વીઓમાં પ્રવર્તિનીપદને પામે છે, દશાર્હ, ભોજ, કૃષ્ણ અને બલભદ્રાદિ મુખ્ય શ્રાવકો થાય છે અને તેમની પત્નીઓ મુખ્ય શ્રાવિકા થાય છે.

આ પ્રમાણે ચાર ગતિરૂપ અંધકારમાં દીપક સમાન, દાન-શીલ-તપ-ભાવ એ ચાર પ્રકારના ધર્મરૂપ ગૃહના ચાર પાયા સમાન અને મુક્તિરૂપી વધૂના હારસમાન શ્રી નેમિનાથ પરમાત્માના ચતુર્વિધ સંઘની સ્થાપના થઈ પછી પ્રભુના મુખે અંબિકાદેવીના પૂર્વભવ, સદ્વાસના, સુપાત્ર દાનાદિ યોગ્યતાને સાંભળીને અતિભક્તિવાળા ઈન્દ્રમહારાજાએ અન્ય દેવતાઓના આગ્રહથી તે અંબિકાદેવીને શ્રી નેમિનાથ પરમાત્માના શાસનનાં વિઘ્નોનો નાશ કરનારી શાસનની અધિષ્ઠાયિકા દેવી તરીકે સ્થાપના કરી અને ગોમેધ નામનો યક્ષ જે પૂર્વભવમાં શ્રી નેમિપ્રભુનાં વચન સાંભળીને પ્રતિબોધ પામ્યો હતો તે ઈન્દ્રમહારાજાની પ્રાર્થનાથી શ્રી નેમિનાથ પરમાત્માના શાસનમાં અંબિકાની જેમ લોકોને મનોવાંછિત ફળ આપનાર હતો, તેની શાસનના અધિષ્ઠાયક દેવ તરીકે સ્થાપના કરી.

અનેકાંતવાદની વ્યાવહારિક ભૂમિકા

■ ગુણવંત બરવાળિયા

અનેકાંતવાદ કે સાપેક્ષવાદ એ વસ્તુને યથાર્થરૂપે જણાવનાર છે તેથી તે યથાર્થજ્ઞાન છે. એકાંતવાદ એ નિરપેક્ષવાદ છે. તેથી વસ્તુને અયથાર્થપણે અને વિપરીત રીતે બતાવનાર છે - તેથી તે મિથ્યા છે. અપ્રમાણ છે. સ્યાદવાદ શ્રુતરૂપી પ્રમાણ વડે જાણેલી વસ્તુનું જ્ઞાન એ જ અસંદિગ્ધ અને નિર્ભાંત છે. ભ્રાંતિ અને સંદેહ એ જ્ઞાનના દોષ છે. દુષિત જ્ઞાન વડે થતી પ્રકૃતિ યથાર્થ ન હોય. યથાર્થ પ્રકૃતિ વિના ઈષ્ટ સિદ્ધિ ન થાય. ઈષ્ટ સિદ્ધિ માટે જેમ યથાર્થ પ્રકૃતિની જરૂર છે તેમ યથાર્થ પ્રકૃતિ માટે અસંદિગ્ધ (શંકા કે કન્ફ્યુઝન વગરનું) ભ્રાંતિ રહિતના જ્ઞાનની જરૂર છે. આવા સાપેક્ષ જ્ઞાન વડે હેયનું હાન (જે છોડવા જેવું છે તે છોડી શકાય), ઉપાદેયનું ઉપાદાન (જે ગ્રહણ કરવા યોગ્ય છે તેને જીવનમાં ગ્રહણ કરવાની પૂર્વભૂમિકા-પાત્રતા સર્જાય) અને ઉપેક્ષણીયની સાચી ઉપેક્ષા રોજબરોજના જીવનમાં તેની માધ્યસ્થ ભાવ દ્વારા ઉપેક્ષા કરી શકાય.

કોઈ પણ કથન નિરપેક્ષપણે સત્ય નથી. સત્ય હંમેશાં આપણાં દૃષ્ટિબિંદુઓને સાપેક્ષ છે. માનવી પોતાની દૃષ્ટિ છોડી બીજાની દૃષ્ટિથી પણ જોશે તો બીજાની વાત પણ સાચી છે એવું માનવાથી, સ્વીકારવાથી અડધું જગત શાંત થઈ જશે.

અનેકાંતવાદને નામે કેટલીક ગેરસમજણો ફેલાય છે. કેટલાક કહે છે કે સ્યાદ્વાદ એ સંશયવાદ છે, વળી કેટલાક આધુનિકો કહે છે કે સ્યાદવાદ એ સમન્વયવાદ છે. વસ્તુતઃ બેમાંથી એક વાત પણ બરાબર નથી.

સ્યાદવાદ એ સંશયવાદ નથી, પણ સર્વ સંશયોનો છેદ ઉડાડનાર નિશ્ચિતવાદ છે. જે અપેક્ષાએ જે વાક્ય કહેવાય તે અપેક્ષાએ તે વાક્ય તેમ જ છે એમ સ્યાદવાદ 'જ' કારપૂર્વક કહે છે. દાખલા તરીકે સ્યાદવાદી દ્રવ્યદૃષ્ટિએ આત્માને નિત્ય 'જ' માને છે અને પર્યાય દૃષ્ટિએ અનિત્ય જ માને છે. દ્રવ્યદૃષ્ટિએ નિત્ય પણ છે અને અનિત્ય પણ છે, કે પર્યાયદૃષ્ટિએ અનિત્ય પણ છે અને નિત્ય પણ છે એમ સ્યાદવાદ કહેતા નથી. 'જ' કારપૂર્વક કહેવા છતાં સ્થાનપદનો પ્રયોગ તે એટલા માટે કરે છે કે આત્મા જેમ દ્રવ્યદૃષ્ટિએ નિત્ય ધર્મવાળો તેમ પર્યાયદૃષ્ટિએ અનિત્ય ધર્મવાળો પણ છે. એ વાતનું વિસ્મરણ થાય તો એકાંતવાદ આવી જાય અને એકાંતવાદથી તત્ત્વ પામી શકાય નહીં. આમ અનેકાંતવાદ પર્યાપ્ત નિર્ણય કરનારો નિશ્ચિતવાદ છે.

વહેવારમાં ઘણા તેને સમન્વયવાદ તરીકે ઓળખાવે છે, પરંતુ એ બરાબર નથી. વસ્તુમાં રહેલા અનંત ધર્મોમાંથી એકની પણ ઉપેક્ષા (અપલાપ) કર્યા વિના વસ્તુના સર્વધર્મનો સમન્વય કરનાર તરીકે ઓળખાવીએ તે ઠીક છે, પરંતુ એકાંતવાદના પાયા પર રચાયેલા સર્વ ધર્મો કે સર્વધર્મ માર્ગો મુક્તિ અપાવનારા છે એમ કહેવું તે નિતાન્ત અસત્ય છે. વહેવારમાં સ્યાદવાદીનો સર્વધર્મ સમન્વયવાદ કે સર્વધર્મ તુલનાવાદ જુદો જ છે તે સત્યને સત્યરૂપે અને અસત્યને અસત્યરૂપે ઓળખી અસત્યનો પરિહાર અને સત્યનો સ્વીકાર કરવામાં રહેલો છે.

જૈન દર્શનમાં 'સ્યાદવાદ' તત્ત્વજ્ઞાનને સમજવા માટે જે પદ્ધતિ તૈયાર કરવામાં આવી છે તેને 'નય' નામથી ઓળખવામાં આવે છે. 'નય' શબ્દનો અર્થ આપણે અપેક્ષાર્થે થતું વસ્તુનું જ્ઞાન **Relative Knowledge** એવો કરીશું.

આ નયના મુખ્ય બે વિભાગ છે :

(૧) દ્રવ્યાર્થિક એટલે વસ્તુના સામાન્ય સ્વરૂપને સંભવે તે

(૨) પર્યાયાર્થિક એટલે વસ્તુના વિશેષ સ્વરૂપને સમજાવે

તે સાત નય : ૧ : નૈગમ ૨ : સંગ્રહ ૩ : વ્યવહાર ૪ : ઋજુસૂત્ર ૫ : શબ્દ ૬ : સમભિરૂઢ ૭ : એવંભૂત

ધર્મના આચરણ માટે જૈન દાર્શનિકોએ એને નિશ્ચય અને વહેવારનય એમ બે વિભાગમાં વહેંચ્યા છે. અહીં નિશ્ચયનો અર્થ મૂળભૂત સિદ્ધાંત ધ્યેય અથવા એક અને અબાધિત સત્ય એવો થાય છે. માટે વહેવાર નયમાં એ સિદ્ધાંતની પૂર્તિ માટે વહેવારમાં આચરવામાં ઉપયોગી થાય એવી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. મૂળ સિદ્ધાંતનો બાધક વિરોધી કે ઉન્મૂલક હોય એવા વ્યવહારનો આમ પણ એમાં સમાવેશ થતો નથી

પ્રત્યેક વસ્તુ અનેક ધર્માત્મક છે. આ અનેક ધર્માત્મક એટલે પ્રત્યેક વસ્તુને એક નહિ પણ વિવિધ બાજુઓ હોય છે આમાંય પાછી ખાસ ખયાલમાં રાખવાની અને સમજી લેવાની વાત એ છે 'કે' આ અનેક ધર્મોમાં પરસ્પરવિરોધી એવા ગુણધર્મો પણ હોય છે.

ઝેર એક જ હોય છે. પ્રમાણ અને અવસ્થાભેદે તે માણસને મારે પણ છે અને જિવાડે પણ છે. મારતી વખતે એ ઝેર કહેવાય છે અને જિવાડતી વખતે એ ઔષધ અમૃત કહેવાય છે. એક જ વસ્તુનો આ પરસ્પરવિરોધી સ્વભાવ થયો.

મૂળ વસ્તુ એકની એક હોવા છતાં તેના જુદાં જુદાં સ્વરૂપો જુદાં જુદાં નામથી ઓળખાય છે. આ જુદાં જુદાં સ્વરૂપો પાછાં પરસ્પરવિરોધી ગુણધર્મોવાળા હોય છે. લોખંડ એક વસ્તુ છે. તેમાંથી બનાવવામાં આવતાં ઢાલ, તલવાર, ચાકુ, કાતર અને સોય વગેરેમાં લોખંડ હોવા છતાં તે બધાં જુદાં જુદાં નામે ઓળખાય છે અને વળી પરસ્પરવિરોધી કામ પણ કરે છે. તલવાર કાપે છે જ્યારે ઢાલ એને કાપવા દેતી નથી. કાતર ચીરા પાડી શકે છે જ્યારે સોય એ ચીરાને સાંધીને પાછા એક કરી દે છે.

પિસ્તોલ આપણા હાથમાં હોય છે ત્યારે આપણું રક્ષણ કરે છે. પ્રતિપક્ષીના હાથમાં જાય તો એ જ પિસ્તોલ આપણું મોત નિપજાવે છે. અહીં પિસ્તોલનો ક્ષેત્રભેદ થયો. પેલા ઝેરમાં (પ્રમાણ) ભાવભેદ થયો હતો.

માણસની પણ બચપણ, કિશોરાવસ્થા, યૌવન, આધેડ અવસ્થા, વૃદ્ધાવસ્થા અને અંતિમ અવસ્થા જોઈએ છીએ. દેહ અને નામ એક જ હોવા છતાં કાળભેદે કાળની અપેક્ષાએ-કેટલાં સ્વરૂપો થયાં ? તેમાં પાછા પરસ્પરવિરોધી. આ વિરોધી પણ માત્ર દૃષ્ટિ પૂરતા જ, દેખાવ પૂરતા જ નહિ. સ્વભાવ પણ પાછો પરસ્પરવિરોધી હોય છે.

સંસ્કૃતમાં વિદ્વાન 'તો' જર્મન ભાષા માટે 'ઢ' કહી શકાય આમ એક વ્યક્તિ વિદ્વાન પણ અને 'ઢ' પણ છે.

સફેદ દીવાલવાળા રૂમમાં પીળા રંગની રાત્રે લાઈટ થાય ત્યારે દીવાલ પીળી લાગે. દિવસે જોનારને સફેદ લાગે. એક અપેક્ષાએ બન્ને સાચા છે અને બન્ને ખોટા પણ છે.

ઘરમાલિક આનો ફોડ પાડી શકે.

દ્રવ્યભેદે-દ્રવ્યની અપેક્ષાએ તે એકનો એક જ દેહ સુકોમળ વજ્ર જેવો મજબૂત, માંદલો, તંદુરસ્ત, સશક્ત, અશક્ત, દાઢી-મૂછ વગરનો, દાઢી-મૂછવાળો, ટટ્ટાર, વાંકો, મખમલ જેવો મુલાયમ અને કરચલીઓવાળો જર્જરિત, પરસ્પરવિરોધી ગુણધર્મોવાળો પણ બને છે.

એ જ દેહ ક્ષેત્રની અપેક્ષાએ અંગ્રેજ, અમેરિકન, યુરોપિયન, આફ્રિકન, બંગાળી અને ગુજરાતી વગેરે જુદા જુદા નામે ઓળખાય છે.

ભાવની અપેક્ષાએ જ માણસ સૌમ્ય, રૌદ્ર, શાંત, અશાંત, સ્થિર, અસ્થિર, ધીર, અધીર, છીછરો, ગંભીર, રૂપાળો અને કદરૂપો પણ દેખાય છે.

કાળની અપેક્ષાએ એને જ આપણે બાળક, કિશોર, યુવાન આધેડ અને વૃદ્ધ કહીએ છીએ. આમ મનુષ્યનો દેહ એકનો એક હોવા છતાં, વસ્તુ તરીકે એક જ હોવા છતાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની ભિન્ન ભિન્ન અપેક્ષાથી જુદો જુદો દેખાય છે, જુદો જુદો બની જાય છે, આ બધું આપણે સાચું માનીએ જ છીએ. બધા માને છે. આ બધું એ નિઃશંક પુરવાર કરે છે કે કોઈ પણ પદાર્થમાં પરસ્પરવિરોધી એવા ગુણધર્મોનું અસ્તિત્વ હોય જ છે. આ વાતનો સ્વીકાર કરવામાં હવે કશી અસ્પષ્ટતા નહિ રહે, કંઈ મુશ્કેલી નહિ રહે. જૈન દાર્શનિકોએ અનેકાંતવાદનો આશ્રય લઈને આવી ઘણી વાતો સ્પષ્ટતાથી સમજાવી છે.

આધુનિક મનોવિજ્ઞાનશાસ્ત્રીઓ કહે છે કે, દરેક માણસોમાં 'ડૉક્ટર જેકિલ અને મિસ્ટર હાઈડની જેમ' પરસ્પરવિરોધી, ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ જેટલું અંતર ધરાવતી વૃત્તિઓ હોય જ છે. એટલે કોઈ પણ સંસારી માણસને સર્વથા સારો અથવા સર્વથા ખરાબ-બૂરો એમ કહી શકાય જ નહિ.

એક સજ્જને પોતાના નામથી એક સાર્વજનિક દવાખાનું બાંધવા માટે પંદર લાખ રૂપિયા આપ્યા. તેને ત્યાં કામ કરતાં એક નોકરને ઑપરેશન કરાવવા માટે જરૂરી પંદર હજાર રૂપિયા આપવાની તેમણે ઘસીને ના પાડી. પરિણામે જરૂરી સારવાર પેલો ગુમાસ્તો મેળવી ના શક્યો અને એનું અવસાન થયું.

આ સજ્જન માટે આપણે શું કહીશું? દયાળુ? ઉદાર? નિર્દય? અધમ? જવાબ આપવાની કશી આવશ્યકતા નથી. સહેજે સમજાઈ જાય એવી વાત છે.

આવાં તો અનેક દૃષ્ટાંતો ભિન્ન ભિન્ન ક્ષેત્રોમાં જોવા મળશે. એ બધા પરથી સહેજે સમજાશે કે 'એક જ વસ્તુ છે અને નથી' એમ જ્યારે જૈન દાર્શનિકો કહે છે તે અનેકાંત દૃષ્ટિથી કહે છે અને તે યથાર્થ છે, એમ કહેવામાં તેઓ તદ્દન સાચા છે. આ વાતનો સ્વીકાર આપણે કરવો જ જોઈએ.

અનેકાંત દૃષ્ટિની આવી વાતો ખૂબ જ સમજવા જેવી છે. જો બરાબર સમજાઈ જાય તો પછી જગત અને જીવનની તમામ સમસ્યાઓનો ઉકેલ બહુ જ સરળતાથી આવી જાય.

અનેકાંત દૃષ્ટિ રાખીને આ વાતનો વધારે વિચાર કરીશું તો એક જ વસ્તુમાં સત્ત્વ અને અસત્ત્વ, નિત્યત્વ અને અનિત્યત્વ તેમ જ એકત્વ અને અનેકત્વ વગેરે એક જ સમયે રહે છે, એ સમજવામાં કશી મુશ્કેલી નહિ નડે. એ બધું જોવા અને સમજવા માટે અનેકાંતવાદનો આશ્રય લેવો પડશે એનો આધાર જો ન લઈએ તો તે આપણને કદી પણ નહિ સમજાય.

એક અને અનેક એકસાથે એક સમયે રહે છે, તે સમજવામાં તો આજના આ વિજ્ઞાનવાદી અણુ-પરમાણુ-સંશોધનયુગમાં કશી મુશ્કેલી નહિ પડે.

વસ્તુનું નિત્યત્વ અને અનિત્યત્વ સમજવું પણ સહેલું છે બધું જ પરિવર્તનશીલ છે; આ વાત તો સૌ કોઈ સ્વીકારે છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ તથા અવસ્થા

(પર્યાય) ભેદે એક જ વસ્તુ અનેક પરિવર્તનો પામે છે. એ પરિવર્તનશીલ છે એટલે એને અનિત્ય કહી શકાય-અનિત્ય છે છતાં એનું મૂળ દ્રવ્ય, જુદાં જુદાં સ્વરૂપમાં પણ એમાં કાયમ રહે છે એટલે એને નિત્ય પણ કહી શકાય-નિત્ય છે. એકલું નિત્ય કહેવું એ જેમ ખોટું ઠરે તેમ એકલું અનિત્ય કહેવું એ પણ ખોટું છે.

આ પરિવર્તન પણ સહસા-એકાએક નથી થતું. એ એનો સમય લે જ છે. કપડું એકદમ મેલું થતું નથી, ચોખામાંથી ભાત એકદમ નથી બની જતો, ઘઉંમાંથી સીધી રોટલી નથી બનતી અને બાળક એકદમ વૃદ્ધ નથી બનતું. આ બધાનો એક કાળક્રમ છે. આવાં બધાં પરિવર્તનો છતાં એની મૂળ વસ્તુનો સર્વથા નાશ પણ નથી થતો.

માટીમાંથી ઘડો જ્યારે બનાવ્યો ત્યારે તે ઘડાના સ્વરૂપમાં પણ મૂળ પદાર્થ માટીનું અસ્તિત્વ તો રહ્યું જ. એ ઘડાના જ્યારે ટુકડા થાય છે, ત્યારે એના એ બીજા સ્વરૂપમાં પણ મૂળ દ્રવ્ય માટીનું અસ્તિત્વ હોય છે.

એ જ ન્યાયે તત્ત્વજ્ઞાનની ભૂમિકા પર, કોઈ પણ વસ્તુતત્ત્વને સર્વથા સત્ય કે સર્વથા અસત્ય, સર્વથા નિત્ય કે સર્વથા અનિત્ય એમ માનવું એ પણ ભૂલ છે. બધાં જ વસ્તુતત્ત્વો જેવાં છે તેવાં જ રહેવાનાં હોય, એમાં પરસ્પરવિરોધી ગુણધર્મો જો ન હોય અને એ પરિવર્તનશીલ ન હોય તો પછી એનું અસ્તિત્વ કેવળ નિરુપયોગી બની જાય છે.

પથ્થર એક કાળે જેવો અને જેવડો છે, તેવો અને તેવડો જ જો સર્વકાળે તે રહેવાનો હોય, તો પછી એનો અર્થ એ થયો કે તેનામાં ક્રિયાશીલતા નથી. હવે એનામાં ક્રિયાશીલતા જો ન હોય, તો પછી એના દ્વારા કંઈ પણ કાર્ય થાય એવી આશા કેમ રાખી શકાય?

એવી જ રીતે, બ્રહ્મને એકને જ માત્ર સત્ય માનવામાં આવે અને એના અસ્તિત્વને તદ્દન સ્થિર તેમ જ અપરિવર્તનશીલ માનવામાં આવે, તો પછી એનામાં ક્રિયાશીલતાનો અભાવ હોય એની ઉપયોગિતા શું?

જગતને જો સર્વથા મિથ્યા જ માનવામાં આવે, તો પછી જેને વાસ્તવિક (સત્ય) માનવામાં આવે છે તેવા બ્રહ્મ સાથે એનો સંબંધ જોડી જ કેવી રીતે શકાય. એવી જ રીતે જડ અને ચેતનને એકબીજાથી તદ્દન ભિન્ન જ માનવામાં આવે તો પછી એકની અસર બીજા પર થાય એવી આશા પણ કેમ રાખી શકાય?

જગત જો પરિવર્તનશીલ હોય તો પછી, એ જગતમાંથી ઉત્પન્ન થયું હોવાનું વૈદિક તત્ત્વજ્ઞાનીઓ માને છે ને બતાવે છે, તે બ્રહ્મ પણ પરિવર્તનશીલ જ હોવું જોઈએ. એમ જો ન હોય તો એક નિત્ય અને અપરિવર્તનશીલ બ્રહ્મમાંથી અનિત્ય અને પરિવર્તનશીલ જગત ઉદ્ભવે જ કેવી રીતે?

એકાંત નિત્યમાંથી અનિત્ય કે એકાંત અનિત્યમાંથી નિત્યનો સ્વતંત્ર ઉદ્ભવ કદી સંભવી શકે જ નહિ. આ વાત જૈન તત્ત્વજ્ઞાનીઓએ ખૂબ જ ભારપૂર્વક અને અસંદિગ્ધપણે કહી છે. એ વાત ખૂબ સમજવા જેવી છે. દ્વૈત, અદ્વૈત અને એના બધા ફાટાઓમાંથી તથા ક્ષણિકવાદ વગેરે બધાં એકાંત તત્ત્વજ્ઞાનોમાંથી આ બધી સમજણ મળતી નથી, કેમકે એ બધા પાછળ દર્શાવ્યું છે તે મુજબ એક નય (એકાંતજ્ઞાન)ના આધારે અને એકાંતિક નિર્ણયો દ્વારા રચાય છે. એ બધાની સામે સરોવરના સમૂહ સમક્ષ ઘૂઘવાતા મહાસાગર સમો જૈન તત્ત્વજ્ઞાનનો અનેકાંતવાદ ઊભો છે. એની સમજણ એ જ સાચી સમજણ છે. આ વાત સ્વીકારવામાં હવે કશી આપત્તિ રહે છે? નથી રહેતી. હજુ થોડુંક વિશેષ સ્પષ્ટિકરણ કરીએ.

(ક્રમશઃ)

बिना दवाई के सरल और सचोट उपचार से, रजवाडी ठाठ से जीने की कला

♦ हार्ट ब्लोकेजेस कम करना ♦ कमर दर्द ♦ साईटीका का पिडादायक दर्द ♦ स्पोडीलाईसीस ♦ घुटने का दर्द ♦ माईग्रेन ♦ डिप्रेसन ♦ वजन घटाना एवं अन्य रोगों के इलाज की सलाह और उपचार किसी भी तरह की दवा दिये बिना और आप जो दवाईयां ले रहे है वह बंद करवाये बिना सिर्फ बाहरी उपचार, बिना साईड इफेक्ट, नुकसान रहित और लाभदायक ।

नीचे की अल्टरनेटीव थेरेपी का उपयोग करके।

मेरीडीयन मसाज थेरेपी ♦ एक्युप्रेसर थेरेपी ♦ पास थेरेपी ♦ बुहांग इनस्टूमेंट ♦ सभी मेरीडीयनोलेजी पर आधारित और नेचरोपथी थेरेपी के विशेषज्ञ

आपके घर आकर तपास कर सही इलाज किया जायेगा।

ADVT.

Raajendra S. Shah (Sr. therapist) Matunga, Mumbai.

Mob.: 9820002953 • Tel.: 022-24121234

સર્વધર્મ સમભાવ

હરીશ શાંતિલાલ મહેતા

બૅરિસ્ટર એ. આર. અંતુલે જ્યારે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન હતા તે અરસામાં તેઓ વડા પ્રધાન ઈન્દિરા ગાંધીના ખૂબ નીકટવર્તી મનાતા હતા. પોતે ઈસ્લામ ધર્મ પાળતા અને વડા પ્રધાનને તેમણે 'સર્વધર્મ સમભાવ' નામનું સૂત્ર અપનાવવા કહ્યું. આ સૂત્ર અને તેની લાગણીઓ તે વખતના ઉદય પામતા પક્ષ ભાજપા સામે બહુ કામ લાગ્યાં. ગરીબી હટાવ પછી સર્વધર્મ સમભાવ સૂત્ર પણ બહુ ગાજ્યું હતું.

મૂળે આપણી પ્રજા આર્ય સંસ્કૃતિ ધરાવતી અને કાળક્રમે ગંગા નદીના કિનારે વસતિ વધતા સમગ્ર ભારતના વિવિધ વિસ્તારોમાં ફૂલીફાલી. આર્ય સંસ્કૃતિ પહેલેથી દયા, પ્રેમ જેવી લાગણીઓ પર જ ઉદય પામી. આ ક્રમમાં ભારતમાં વિવિધ ધર્મોનો ઉદય થયો. પરદેશમાં ઈસ્લામ અને ખ્રિસ્તી ધર્મ ખૂબ પ્રચાર પામ્યા. આ બધા ધર્મ પ્રત્યે સમાનભાવ દર્શાવે તેવી ભલે આપણી બંધારણીય વ્યવસ્થા રહી, પણ અનેકતામાં એકતા જાળવતી આપણા દેશની પ્રજામાં સર્વધર્મ સમભાવની ભાવના વિકસાવવામાં આપણે ઘણા ઊણા ઊતર્યા છીએ.

બેશક આ અંગેનાં કારણો ઘણાં હોઈ શકે. ઘણાં કારણોને વાજબી ઠેરવવા આપણે દલીલો પણ કરી શકીએ, પણ ખરેખર આપણે સર્વધર્મ સમભાવની ભાવના સંપૂર્ણપણે વિકસાવી શકીએ ખરા? જવાબો જુદા જુદા રહેવાના, પણ આપણામાં કહેવત છે કે જેટલા ગુરુ એટલા પંથ અને જેટલા પંથ એટલા ધર્મ.

આપણે દાખલો લઈએ જૈન ધર્મનો. ભગવાન ઋષભદેવથી માંડીને ભગવાન મહાવીરના અનુયાયીઓમાં કેટલા ફાંટા, કેટલા પંથ, કેટલી વિચારસરણીઓ, કેટલા ભેદ અને કેટલા મતભેદ છે.

જો આપણે વીરપ્રભુનાં સંતાનો પણ એકબીજા પ્રત્યે સમભાવ, સ્નેહ અને સમર્પણની ભાવના ન રાખી શકીએ તો અલગ અલગ ભગવાનને માનનારા, અલગ સંસ્કૃતિ, વિચારસરણી અને ભાષા, આહાર, આચાર અને વિચારોની ભિન્નતા દર્શાવતી વિવિધ કોમો-ધર્મ વચ્ચે સમભાવ અને સુમેળ રાખવો ખૂબ જ મુશ્કેલ છે.

આમ છતાંય થોડી કાયદાકીય અને બંધારણીય જવાબદારીઓને કારણે આપણે અન્ય ધર્મ વિરુદ્ધ ઝેર ઓકી નથી શકતા કે નથી અન્યોને બહુમતી કોમનો ધર્મ પાળવાની ફરજ પાળી શકતા. સર્વધર્મ જ નહિ, પણ સર્વે જીવો પ્રત્યે પણ અનુકંપા, દયા, પ્રેમ, કરુણા તથા મૈત્રીભાવ રાખવાની આપણી સંસ્કૃતિ છે. ભારતમાં બાર ગાઉએ બોલી બદલાય, ખાણીપીણી, રીતરસમો, પહેરવેશ, રહેણીકરણી વગેરે અલગ અલગ પ્રકારનાં છે, છતાંય સદ્‌નસીબે ગળથૂથીમાં મળેલા સંસ્કારો આપણને એકતાંતણે બાંધે છે, એટલું જ નહિ, પણ અન્ય પરદેશીઓ પ્રત્યે પણ આપણે કટુતા કે વૈમનસ્યથી ન વર્તતા દિલ જીતી લેનારા પ્રેમથી વર્તન કરીએ છીએ. પરદેશી હોય કે પરધર્મી, આપણે ભારતવાસીઓ તેને પ્રેમથી અને લાગણીઓથી વશ કરી લઈએ છીએ.

તાજેતરમાં મુંબઈ જેવા મહાનગરમાં મોટી સોસાયટીઓમાં અમુક કોમના લોકોને વસવાટ કરવા દેવામાં ખાસ્સો વિરોધ થયો છે. તેનાં કારણોમાં કેટલું વજૂદ છે તે અંગે આપણે સૌ જાણીએ છીએ અને અનુભવીએ છીએ. આવાં કારણો ક્યારેક આપણા સમાજમાં રહેલી અન્ય ધર્મીઓ પ્રત્યેની લાગણીને વિવાદરૂપ બનાવી દે છે. મોટે ભાગે આવા વિવાદો મોટી કોમી સમસ્યા ઊભી કરે છે. રાજકારણીઓ અને રાજકીય પક્ષો આનો દેખીતો ફાયદો ઉઠાવે છે. આમ છતાંય વિવિધ બોલીઓ, ભાષા, ધર્મો, પંથો હોવા છતાંય ભારતમાં કોમી એખલાસતા ખૂબ જ સુંદર રીતે જળવાઈ રહી છે. ક્યારેક વિઘ્નસંતોષીઓ દ્વારા નાનાં છમકલાં થાય કે કરાવવામાં આવે, પણ એકંદરે 'યે પબ્લિક હૈ, સબ જાનતી હૈ'. સમાજમાં જ્યાં સુધી એખલાસતા અને ભાઈચારાની ભાવના સાબૂત રહેશે ત્યાં સુધી તમામ ધર્મો પ્રત્યેનો આદર જળવાઈ રહેશે. યાદ રહે, જગતનાં મોટાં યુદ્ધો અને માનવસંહાર ધર્મને નામે લડાયાં છે અને જગતઉદ્ધારનાં ઉમદાં કાર્યો-પ્રવૃત્તિઓ પણ ધર્મભાવના સાથે થઈ છે. આપણામાંના ઘણા માને છે કે સૌથી મોટો ધર્મ માનવધર્મ છે, એટલું જ નહિ, તમામ જીવસૃષ્ટિ અને વનસ્પતિ સુધ્ધાં સર્વના પ્રેમના હકદાર છે.

મૈત્રીભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે;
શુભ થાઓ આ સકલ વિશ્વનું તેવી ભાવના નિત્ય રહે.

સર્વે જીવોનું મંગલ થાય, સર્વેનું કલ્યાણ થાય તેવી ધર્મભાવનાઓ રાખતા આપણા સૌમાં સર્વધર્મ સમભાવની ભાવના વિકસે અને તે અન્યોને પણ પ્રેરણારૂપ બને તેવી મંગલકામના રાખીએ. બેશક આ ભાવનાના વિકાસમાં આપણા ધર્મગુરુઓ ખૂબ જ મદદરૂપ બની શકે છે. માત્ર સર્જનાત્મક દૃષ્ટિકોણ અને વ્યવહારની જરૂર છે.

'હસે તેનું ના ખસે'

ડૉ. કિરણ શાહ - ભૂતપૂર્વ ચૅરમૅન

માણસજાતના બે વિભાગ પાડવા હોય તો એક વર્ગ મૂજીઓનો અને બીજો વર્ગ રમૂજીઓનો. રમૂજીઓનો વર્ગ કદાચ બહુ મોટો નથી. મોટે ભાગે આપણને દિવેલ પીધેલા ડાચાવાળા માણસો જ મળે છે. ઉદયન ઠક્કર કહે છે કે કેટલાક માણસો એવા હોય છે કે ઊઠે ત્યારે ઉઠમણું અને બેસે ત્યારે બેસણું. ખરેખર તો આપણા પ્રત્યેકની અંદર એક બિરબલ, એક બકોર પટેલ કે એક મુલ્લા નસિરુદ્દીન હોવો જોઈએ. ગંભીર રીતે જીવવું હોય તો જીવનને હળવી રીતે લેતા આવડવું જોઈએ. હસવું, હસી કાઢવું, હસતાં રહેવું, ગમે તે પરિસ્થિતિમાં જલસો કરવો એનો આનંદ કંઈક જુદો જ હોય છે. સમતોલ માણસ એ કહેવાય કે જેને કોઈ પણ પ્રશ્નની બન્ને બાજુઓ હાસ્યાસ્પદ લાગે. જે માણસ પોતાના પર બીજાઓ સમેત હસી શકે અને એમના જેટલો જ આનંદ માણી શકે એ ખરેખર ઉમદા કહેવાય. જ્યારે માણસ પોતાની જાત પર હસી ન શકતો હોય ત્યારે બીજાઓએ તેના પર હસવાનો સમય પાકી ગયેલો ગણાય. જ્યારે આપણે કોઈક માણસને કહીએ કે તેનામાં રમૂજવૃત્તિ નથી એનો ખરો અર્થ એ છે કે તેની અને આપણી રમૂજવૃત્તિ સમાન પ્રકારની નથી. તમે કેવી બાબતો પર હસો છો તે તમે કેવા માણસ છો તે (શબ્દો કરતાંય સ્પષ્ટપણે) કહી દે છે. ઘણા એમ માને છે કે જ્યારે બીજાને કંઈ થાય અને તમે હસો તે હાસ્યવૃત્તિ કહેવાય, જ્યારે તમને કંઈ થાય અને બીજાઓ હસે તે અવિનય.

હસો ત્યારે એક વાત મનમાં સ્પષ્ટ રાખજો, લોકોનાં કૃત્યોને હસજો, લોકોને નહિ. લોકોની સાથે હસો, લોકો પર નહિ. જ્યારે દુનિયા તમારી સામે હસે છે ત્યારે તમે પણ એની સામું હસજો, એ પણ તમારા જેવી જ રમૂજી છે. હસો અને દુનિયા તમારી સાથે હસવા લાગશે. અન્ય પર હસવું સહેલું છે, પણ પોતાના પર હસવું મુશ્કેલ છે. પડેલા પર હસશો નહિ, તમારા રસ્તા પર પણ ક્યાંક ક્યાંક લપસણી ભૂમિ આવી શકે. એક વાત નક્કી છે કે તમે તમારી મુશ્કેલીઓ પર હસી શકતા હો તો તમને જીવનમાં કંઈક હસવાનું મળી જ રહેશે. જે માણસો મુશ્કેલી પ્રત્યે હસી શકે છે તેઓ ચાલુ દહાડે પણ ખૂબ જ આનંદમાં રહી શકે છે. જીવનનાં ચક્રોને હાસ્યરૂપી તેલથી ઊંજ્યા કરીએ તો તે સરળતાથી ગબડ્યાં કરે છે.

હાસ્ય મનુષ્યના આયુષ્યને સાર્થક કરે છે. હાસ્ય એક એવું ઔષધ છે કે જેની કોઈ આડઅસર થતી નથી. હાસ્ય એ શ્રેષ્ઠ ઔષધ છે, ભલે તમે માંદા હો કે નહીં. મુક્ત હાસ્ય એ નાનીનાની ફરિયાદો માટે શ્રેષ્ઠ ઔષધ છે, તે ઘણી વાર દાક્તરની નાની નાની ગોળીઓ કરતાંય તમને વહેલા સાજા કરી દે છે. તંદુરસ્ત હાસ્ય ઘણીબધી બાબતોને સહ્ય બનાવે છે. જે માણસ હરતાં-ફરતાં હંમેશાં હસતો રહે તેના દાંત એકંદરે સારા જ દેખાય છે. હવે તો ઘણીબધી જગ્યાએ લાફિંગ ક્લબ પણ શરૂ થઈ ગઈ છે. આજની દુનિયામાં આટલો બધો હાસ્યરસ જોવા મળે છે તેનું કારણ છે કે મોટા ભાગના લોકો તેને ગંભીરતાથી લે છે. આપણે એમ સમજવાનું છે કે જિંદગીમાં આપણે હસતાં હસતાં હથેળીની રેખાઓ સહેવાની છે.

હાસ્ય મનનો પડઘો પાડે છે. કેટલાક હાસ્ય એવા જોવા મળે છે કે તેમાં તમને બનાવટી સિક્કાનો બોદો અવાજ સંભળાય (જેમ કે Air Hostessનું સ્માઈલ). બનાવટી સ્મિત અને બનાવટી આંસુ વચ્ચેનો સુમેળ જામે ત્યારે એક વ્યવહારુ માણસ તૈયાર થાય છે. આપણી રોજબરોજની જિંદગીમાં આપણને ઘણા માણસો આવા જોવા મળે છે. કવિ હિતેન આનંદપરા આવા માણસ માટે લખે છે ''જે લુચ્ચું હસે છે, જે ખંધું હસે છે, જરા એનાથી ચેતીને ચાલો, કારણકે આખેઆખો શકુની એમાંથી ઝરે છે.''

હાસ્ય એ સમજાવવાની વસ્તુ નથી અને જે હાસ્ય સમજાવવું પડે તે હાસ્ય નથી. હાસ્યરસની વ્યાખ્યા રચવી અને તેનું પૃથક્કરણ કરવું એ હાસ્યવિહોણા લોકોની ફુરસદિયા પ્રવૃત્તિ છે. હાસ્યની કરુણતા એ છે કે, લાઈક મ્યુઝિક ઈટ કેન નોટ બી ટ્રાન્સલેટેડ. સૂક્ષ્મ રમૂજમાં કુશાગ્ર બુદ્ધિ હોવી જોઈએ. શાહબુદ્દીન રાઠોડની જેમ, જે પોતે સ્વસ્થ હોય છે એ બીજાને ખડખડાટ હસાવી શકે છે, કારણકે એ જાણે છે કે જોક કહેતાં કહેતાં જોક પ્રત્યેનો ઝોક હોવો જોઈએ. જે માણસ વધારેપડતું હસતો હોય તેના જેવો બીજો અંદરથી દિલગીર કોઈ નહીં હોય. ખુશખુશાલ માણસ ભીતરથી સુખી હોય છે એવું નથી હોતું, એ તો આંખને ખૂણે આવેલાં આંસુને સ્મિતના રૂમાલથી કોઈને ખબર ન પડે તેમ લૂછી નાખે છે (રાજ કપૂર-મેરા નામ જોકરમાં હતો તેમ).

હસું છું એટલે માની ન લેશો સુખી છું હું,
રડી નથી શકતો એનું મને દુઃખ છે, દુખી છું

-શેખાદમ આબુવાલા

અથવા

મારા સ્મિતને હવે

મારાં આંસુ ઘાયલ કરી શક્તાં નથી.

આજની દુનિયામાં સ્મિતના પણ અહીં ભાવ હોય છે, દોસ્તીના પણ દાવ હોય છે અને લાગણી પણ ખરીદવી પડતી હોય છે. આપણું વર્તમાન જીવન શુષ્ક થઈ ગયું છે, કારણકે ધર્મ, સાહિત્ય, કલા અને હાસ્યની ભાવના એમાંથી ઊડી ગઈ છે. આપણે એ ભૂલી ગયા છીએ કે...

''જિન્દગી બદલને કે લિયે લડના પડતા હૈ

ઔર આસાન કરને કે લિયે હંસના પડતા હૈ.''

આપણો માંહ્યલો અંદરથી પ્રસન્ન હોય તો જ આસપાસનું જગત સુખમય લાગે છે.

માણસ એ જ એક હસી શકે અને રડી શકે તેવું પ્રાણી છે, કારણકે તે સમજી શકે છે કે પરિસ્થિતિ શી છે અને કેવી હોવી જોઈએ. માણસ પશુથી કે પક્ષીથી આ જ કારણે જુદો પડે છે. કુદરતે આપણને કલ્પનાશક્તિ આપી છેઃ તે પોતે જે નથી તેની પુરવણી કરવા સારુ અને હાસ્યવૃત્તિ આપી છે તે પોતે જે છે તેનું આશ્વાસન લેવા.

એમ કહેવાય છે કે જેના ચહેરા પર સ્મિત ન રમતું હોય તેણે દુકાન ન કાઢવી જોઈએ અથવા એમ સમજો કે મુખ પર સ્મિત ધારણ કરેલું ન હોય ત્યાં સુધી તમારો પહેરવેશ સંપૂર્ણ ન ગણાય અને એટલા માટે જ My dear J. J. C. Reader ''સ્મિત સાથે જીવો''!!

....અંતમાં હાસ્ય માટે માથે લઈને ફર્યા કરીએ એવી પંક્તિઓ

ના કિસી અભાવ મેં જિઓ

ના કિસી પ્રભાવ મેં જિઓ

જિન્દગી આપકી હૈ બસ અપને મસ્ત સ્વભાવ મેં જિઓ,

જિન્દગી જી ભર કે હંસને કે લિયે હૈ

ના કિ રોને કે લીયે જિઓ.

On a Lighter side...

ફિલ્મી ગીતોનો શબ્દેશબ્દ અંગ્રેજી અનુવાદ

''બોલ રાધા બોલ સંગમ હોગા કે નહીં''

''સ્પીક રાધા સ્પીક કૉન્ટેકટ પોસિબલ ઓર નોટ''

''તું મેરા ચાંદ મેં તેરી ચાંદની''

''યુ આર માય મૂન ઍન્ડ આઈ એમ યોર મૂનલાઈટ''

કૅન્સર

ડૉ. ચન્દ્રકાન્ત પાઠક

''કૅન્સર'' એ આજના સમયનો જીવલેણ રોગ ગણાય છે. કૅન્સર એટલે કૅન્સલ (મરણ) એવું પ્રચલિત બનેલ છે. કૅન્સરના શરૂઆતના તબક્કે જાણ થઈ હોય તો સારવાર લઈ સારા થઈ શકાય છે. દૂષિત અંગો કૅન્સર થવાનું કારણ ગણાવી શકાય. શરીરનું કોઈ અંગ દૂષિત થયું હોય અને તેના પર ઘર્ષણ ચાલુ હોય ત્યારે કૅન્સરના જંતુ ઘર કરી જાય છે અને ગાંઠ ઊભી કરે છે. આ કૅન્સરની ગાંઠ કૅન્સરના જંતુઓનો કિલ્લો ગણી શકાય. જેથી આ જંતુઓને બહાર કાઢવા મુશ્કેલ બને છે. કૅન્સરના રોગને કાઢી શકાતો નથી. આજુબાજુમાં બીજે સ્થળે કૅન્સરની નવી ગાંઠ દેખાય છે.

કૅન્સરનાં લક્ષણો-ચિહ્નો, શરીરમાં સામાન્ય ગાંઠ છૂટી હોય છે, પરંતુ કૅન્સરની ગાંઠ આજુબાજુના સ્નાયુઓ સાથે ચુસ્ત રીતે જકડાયેલી હોય છે. શરૂ શરૂમાં ગાંઠ થઈ હોય તે જગ્યાએ દુઃખાવો થતો નથી, પરંતુ લાંબા ગાળે દુઃખાવો શરૂ થાય છે. આ ગાંઠ સખત હોય, ફરતી ને છૂટી હોય તો તરત ડૉક્ટરને મળી કૅન્સરનું નિદાન કરાવશો.

કૅન્સરથી દર્દી સુકાવા લાગે છે, વજન ઝડપથી ઘટતું જાય છે. મેદ-ચરબી ઓછાં થાય, અંદરથી બેચેની લાગે છે. ખાવામાં ખોરાકનું પ્રમાણ ઘટી જાય છે. અવાજ બેસી જાય છે. તાકાત ઓછી થાય, કામમાં ધ્યાન-દિલ લાગતું નથી. મોઢામાં ચાંદી પડે અને રૂઝ ન આવે તો ડૉક્ટરને મળી નિદાન કરાવી, જરૂરી ઉપાયો કરશો.

કૅન્સરની સમયસર જાણ થાય તે માટે કૅન્સર સોસાયટી જાહેરાત કરતી હોય છે. મોઢામાં ચાંદું પડ્યું હોય અને રૂઝ આવતી ન હોય, સ્ત્રીને વારંવાર લોહી પડતું હોય, ખોરાક ગળામાં અટકતો હોય, કબજિયાત થાય, કુદરતી હાજતની ટેવમાં ફેરફાર થાય, અવાજ ઘોઘરો થતો હોય, ખાંસી આવે, શરીરના કોઈ પણ ભાગમાં છાતી-સ્તન ઉપર તથા ગળામાં ગાંઠ દેખાય, તલ-મસો પાકી પરું થાય. તરત તાતાની કૅન્સરની હૉસ્પિટલમાં બાયોપ્સી કરાવી, ડૉક્ટરની સલાહ લેશો. આપનું આરોગ્ય જાળવી રાખવા, ખોટી રહેણીકરણી છોડી, નવી અપનાવશો.

કૅન્સર એ રોગચાળાનો રોગ નથી. વાઈરસ કે વારસાગત રોગ નથી. વહેલાસર પ્રાથમિક તબક્કામાં નિદાન કરાવી, ડૉક્ટરની સૂચનાઓ મુજબ દર્દીની ચાકરી કરો, સારા થઈ જશે.

બેઠાડું જીવન છોડી કસરત કરો. અપચો, અજીર્ણ, ઈબજિયાત ન રહે તે જુઓ. પેટ માઈલ્ડ પર્ગેટિવ-હરડે-હસબગૂલથી સાફ રાખશો. બીડી-સિગારેટ-તમાકુ-ચૂનો-પાન વગેરે ખાવાનું છોડશો.

વડીલોનો વિનય

આજે સંસારનો પ્રત્યેક માનવી સુખી જીવન ચાહે છે, સુખની અભિલાષા રાખે છે, સુખ-શાંતિ પ્રાપ્ત કરવા દિવસ-રાત તનતોડ મહેનત કરે છે, તાપ-ટાઢ સહન કરે છે, મુસીબતનો સામનો કરે છે, છતાં પરિણામ શૂન્ય રહે છે. આધિ-વ્યાધિ અને ઉપાધિથી ઘેરાયેલો પરિવાર અમારી પાસે આવીને સુખી થવાનો મંત્ર માગે છે. અમે રહ્યા સાધુ, દુનિયાનાં દુ:ખ દૂર કરવા દિલાસો આપવો, ધર્મના માર્ગે વાળવા અમારું પ્રથમ કર્તવ્ય છે.

ભાઈઓ અને બહેનો! આજનો વિષય છે માતા-પિતાની સેવાભક્તિ અને તેઓનો વિનય. જગતમાં જેટલા ભવ્યાત્માઓ સુખી થયા છે, વર્તમાનમાં થાય છે અને ભવિષ્યમાં થશે તેનાં ઘણાંબધાં કારણોમાં વિનય ધર્મનું વિશિષ્ટ સ્થાન છે.

માતા-પિતાની સેવા-ભક્તિ કરી એમને શાતા પહોંચાડવામાં થોકેથોક પુણ્ય એકત્રિત થશે અને પુણ્યનાં ફળ તો તમારા મનભાવક જ હોય એમાં કોઈ સંદેહ નથી. તમારાં મોજ-શોખ ઓછાં કરી ક્લબ-પાર્ટી અને મોડી રાત સુધી મિત્રોની ગપસપને તિલાંજલિ આપી, માતા-પિતાની સમીપ રહો. તેઓના ઈંગિત ઈશારા પર સેવા કરો. અમાપ સેવા કરી આશીર્વાદનું અમૃત પ્રાપ્ત કરો. અમૃતના એક બિંદુમાં હજારો રોગ નિર્મૂળ કરવાની શક્તિ છે, એમ માતા-પિતાના અંતરના આશીર્વાદમાં અસીમ સુખ-શાંતિના સ્રોત્ર સમાયેલા છે. બીજી તરફ આખું જગત છે તો એક તરફ માતા-પિતા છે. જગતનાં સુખો કરતાં માતા-પિતાના આશીર્વાદથી પ્રાપ્ત સુખોનું પલડું ભારી રહેશે. માતાની સેવા કરીએ, માતા માટે પત્નીને નારાજ કરવી પડે તો કહેશે માવડિયો છે. (સભામાંથી) યુવાનનો પ્રશ્ન અને હસાહસી. યુવાનો! લગ્ન પહેલાં તમારી પત્નીને સમજાવી દો, મારાં માતા-પિતા મારા માટે ભગવાન છે. મારું સર્વસ્વ તેમનાં ચરણોમાં છે. તો તાકાત છે કે તમારી પત્ની તમને માવડિયો કહે!

એક માતા દસ સંતાનોની દેખભાળ-ઉછેર એકસમાન કરી શકે છે, પરંતુ આજ વિજ્ઞાનયુગ જમાનો બદલાયો છે. જેથી આઠ પુત્રોની માતા ઘરઘરની ઠોકર ખાય છે. માતાને રાખવાના વારા થાય છે. માતાને ફાવે કે ન ફાવે, શરીરનો સાથ હોય કે ન હોય, પરંતુ વારો પૂરો થતાં બીજા દીકરાને ત્યાં જવું પડે છે.

અરે યુવાનો જાગો, ઊઠો, સમજો, વિચારો, આ તમારી વાસનાનો, તેના કીડાનો પરિચય મળે છે. તમારી જન્મદાત્રી, પાવનપ્યારાં તમારાં માતાનું-પિતાનું અપમાન કરો છો. કાલ સુધી તો માતા-પિતા સારાં હતાં. તમે માતા-પિતાના જ હતા. અરે સંતાનો પ્રાયઃ માતાના જ હોય છે, પરંતુ આજ તેનાં વાણીવ્યવહાર કર્કશ લાગે છે. કાનમાં ખૂંચે છે. શા માટે ભલા? ત્રીજું માણસ ઘરમાં આવ્યું એટલે ખીચડી ખદબદવા લાગી, બરાબર ને? તમારી પાસે પૂર્વપુણ્યના ઉદયથી વૈભવ-વિલાસ-સુખ-સંપત્તિ પ્રાપ્ત પણ થઈ જાય તોપણ તેમાં માતા-પિતાના અંતરના આશીર્વાદને બદલે હૃદયની કકળતી ઊની આહ હશે તો તેનાં કટુ ફળ તો ભવાન્તરે પણ ભોગવવાં પડશે. અણધારી આફતો, તકલીફો આવશે. જીવતા, જાગતા, ચાલતા, ફરતા તમારા ઘરમાં માતા-પિતા કલ્પવૃક્ષથી પણ અધિક સુખ-શાંતિ આપનાર કલિયુગના કલ્પવૃક્ષ છે. આ બધો વ્યવહાર ધર્મ છે. તમારો વ્યવહાર, ધર્મના ઠેકાણા ન હોય અને વાતો કરો મોક્ષની. અરે, મોક્ષ તો શું નરક-સ્વર્ગ પણ દૂર છે. સ્વર્ગ સમાન ઘરને નરક બનાવવું કે તેમાં આનંદ-ખુશીની અભિવૃદ્ધિ કરવી એ નારીને વારસામાં મળેલા સંસ્કારોનો પરિચય છે.

પત્નીના ખરાબ વિચારો સામે ઝૂકવું નહિ અને માતા-પિતાની ઊની આહ લેવી નહિ. આટલું હૃદયમાં કોતરી રાખશો તો સુખ-શાંતિ ક્યાંય શોધવા જવું પડશે નહિ. વધારે ને વધારે સેવા-ભક્તિ કરો, પ્રેમથી-આનંદથી સાથે રહો. તેમની તકલીફો સાંભળો, અભિમાનના આસમાનમાં ઊડો નહિ, પરંતુ પગ ધરાતલ પર સ્થિર રાખી દિલ-દિમાગના દરવાજા ખુલ્લા રાખો. આજકાલ માતાનાં આંસુ લૂછવાનો, તેમની તકલીફો સાંભળવાનો સંતાનોને સમય નથી, પરંતુ માતાએ કદીય કહ્યું નહિ, બેટા! મને સમય નથી. અરે ગંગાના નીર તો વધે-ઘટે, પરંતુ માતાનો સ્નેહ બધાં સંતાનો પર એકસરખો જ વહે છે. સંતાનોના સુખ માટે માતા-પિતા જીવનના સોનેરી સમયની પણ પરવા કરતાં નથી. બસ, એક જ લક્ષ હોય છે કે મારાં સંતાનો સુખી રહે. અરે સંતાનોનાં આંખ-માથું દુ:ખશે, મોઢા પર ચિંતાની એક ઝલક માત્ર દેખશે તો જમીન-આસમાન એક કરવા જેટલી દોડધામ કરશે, પરંતુ માતા-પિતા બીમાર હોય, તકલીફમાં હોય તોપણ સંતાનોનાં મોજ-શોખમાં ક્યાંય ફેર પડશે નહિ. માતા-પિતાના અરમાનોને કચડીને પોતાનું જીવન, પોતાનાં મોજ-શોખમાં મસ્ત રહેનારાં સંતાનો મહાન લાભને હારી જાય છે. પુણ્ય ખર્ચીને પાપ ખરીદે છે. ગમે

તેવા સંજોગ-સ્થિતિમાં માતા-પિતાની સેવાભક્તિ, વિનય, લજ્જા, આદર, સત્કાર કરનાર સંતાનો મહાન લાભને પ્રાપ્ત કરે છે. વડીલોનો વિનય એ જ ધર્મ છે, એ જ સ્વર્ગ છે, એ જ સુખ-શાંતિનો ખજાનો છે, પરંતુ આ જ તો વાયરો વાયો છે, બહેનો કહેશે સાસુ-સસરા અમારી સાથે રહે છે. માતા-પિતા અમારી સાથે રહે છે. બહેનો! સાસુ-સસરાને તમે ખરીદીને લાવ્યાં છો કે પછી કરિયાવરમાં લાવ્યાં છો. યુવાનો! માતા-પિતા શું તમારી સાથે રહે છે? તમારી પત્ની આવેલ ન હતી ત્યારે તમો એવું કહેતા હતા કે માતા-પિતા મારી સાથે રહે છે? શું તમે માતા-પિતાને ખરીદીને લાવ્યાં છો. વાણીમાં વિનય રાખો, વ્યવહારમાં લજ્જા રાખો. વડીલોની સામે, સાસુ-સસરાની સામે લજ્જાનું લિલામ કરી માથું ઉઘાડું કરીને બહેનો, તમોએ તમારું જ નુકસાન કર્યું છે. ભારતીય પરંપરાની ઉજ્જ્વળ સંસ્કૃતિ લજ્જા છે. માથું ઢાંકવું, એ માન-સન્માન અને પુણ્યનું પ્રતીક છે. ઉઘાડું માથું અપમાન, નિર્લજ્જતા એવા પાપનું પ્રતીક છે. ગમે તે ભોગે, ગમે તેવા સંજોગોમાં માતા-પિતાના આદર-સત્કાર, સેવા, લજ્જા, વિનયને જીવનનું પરમ કર્તવ્ય બનાવી લો તો સુખ-સંપત્તિ તમારાં ચરણ ચૂમતી આવશે.

'શુભ મંગલ'પથમાંથી સાભાર

JJC Rajwadi

C/o. Shop No. 23, Morar Baug, 60 Feet Road,
Opp. Standard Chartered Bank, Ghatkopar (E),
Mumbai - 400 077. Email : rajwadisagpan@gmail.com

રજવાડી સગપણ માહિતી કેંદ્ર

આજકાલ લગ્નોત્સુક યુવક-યુવતી માટે યોગ્ય જીવનસાથીની શોધ વડીલો માટે સમસ્યારૂપ થઇ ગઇ છે. JJC રજવાડી ગ્રુપ આ દિશામાં આશાનું કિરણ લઇ આવે છે... અમારા ગ્રુપમાં રજિસ્ટ્રેશન કરાવો.... ઈ મેઇલ આઇડી દ્વારા અને દર ગુરૂવારે અમારી ઓફીસમાં પ્રત્યક્ષ પધારી યોગ્ય પાત્રની વિગતો પ્રાપ્ત કરો.

અમારા ગ્રુપમાં નામ નોંધાવવા ૧) યુવક/યુવતીના ત્રણ ફોટા / બાયોડેટા ૨) સમય : સવારે ૧૧.૦૦ થી ૪.૦૦ સોમથી શનિવાર ૩) રજિસ્ટ્રેશન ફી રૂા. 500/ - ભરવાની રહેશે.

Contact : Sunil Shah - 75062 66440
Praful Mehta - 98200 68297
Harsha Shah - 98336 70028

જૈન સમાજનાં વડીલો આટલુ જરૂરથી વાંચશો.....

જૈન સમાજનાં દિકરા દીકરીઓની પસંદગીનાં પાત્રો પીરસતી www.jainswayamvar.com જે વેબસાઈટ ઉપર ૨૦૦૦ થી વધુ જૈન પાત્રો ઉપલબ્ધ છે. જે જૈન સમાજને સાંકળી રાખે છે અને જૈન સમાજનાં લગ્નો ઉત્સુક પાત્રની પસંદગી કરાવી આપે છે. જૈન સમાજનાં ઉમેદવારે બીજા સમાજમાં નજર દોડાવવાની જરૂર રહેતી નથી.

www.jainswayamvar.com દ્વારા આપની પસંદગીનાં પાત્રો ઝડપથી અને સહેલાઈથી મળી રહેશે. જેમાં દશા, વીશા, કાઠીયાવાડી, ઝાલાવાડી, ઘોઘારી, શ્વેતામ્બર, સ્થાનકવાસી, દિગમ્બર, તેરાપંથી તેમજ દરેક જૈન સમાજની સાથે રહીને www.jainswayamvar.com કાર્ય કરે છે જેથી દરેક પાત્રોની પસંદગી સારી રીતે થઈ શકે www.jainswayamvar.com વેબસાઈટ ઉપર દરેક ઉમરનાં પાત્રો આવે છે કારણ કે www.jainswayamvar.com ફક્ત જૈન સમાજની વેબસાઈટ છે તેથી મન મૂકીને કાર્ય કરવા પ્રોત્સહિત બને છે.

આપ આપનાં દિકરા-દીકરી, સગાવહાલા, મિત્રોગ્રુપમાં જણાવી www.jainswayamvar.com ઉપર ફ્રી રજીસ્ટ્રેશન કરાવી શકો છો.

''આપનું ફ્રી રજીસ્ટ્રેશન પણ કોઈક ઉમેદવારની પસંદગી હશે.''

તમે પણ એક વખત વેબસાઇડની અવશ્ય મુલાકાત લેશો....

ફક્ત જૈન સમાજનાં ૨૦૦૦ થી વધુ બાયોડેટા ધરાવતી વેબસાઇટ

ઉમેદવારનાં મોબાઇલ નંબર સાથેની વેબસાઇટ

FREE REGISTRATION ON

www.jainswayamvar.com

Mobile: +91 98255 50670

દૂધ દહીં અને છાશ... કેટલાં ફાયદાકારક, કેટલાં નુકસાનકારક

પોતાનું બાળક દરરોજ નિયમિત રીતે દૂધ પીવે એવું હરેક માતા ઈચ્છતી હોય છે. મોટા ભાગે બધાં જ બાળકો દૂધ પીવાનું ટાળે છે. ત્યારે મા-બાપ અને બાળક વચ્ચે વાદ-વિવાદ થાય છે અને આ વાત છેક ડૉક્ટર સુધી પહોંચે છે. 'જો રોજ દૂધ નહીં પીવે તો ડૉક્ટર અંકલ ઈન્જેક્શન દેશે' એવો ડર પણ બતાવવામાં આવે છે. આ જોઈને આપણને સહેજે સવાલ થાય છે કે દૂધને આટલું મહત્ત્વ શા માટે આપવામાં આવે છે? ફક્ત દૂધ જ નહીં, દૂધમાંથી જમાવેલું દહીં અને દહીંમાંથી બનાવેલ છાશ એ ત્રણે વસ્તુઓથી શરીરને શું ફાયદો થાય છે. ચાલો, જાણીએ ફાયદા અને નુક્સાન.

દૂધ :

દૂધ એટલે સામાન્ય રીતે આપણે ગાય કે ભેંસના દૂધનો વિચાર કરીએ છીએ. દૂધ પોષણકારક અને આરોગ્યવર્ધક હોવા છતાં તેનાથી થોડો કફ વધે છે. દૂધમાં રહેલાં પ્રોટીન 'પૂર્ણ પ્રોટીન' હોય છે. એટલે જ રોજ આપણે આપણા શરીર માટે જરૂરી તેવા એમીનો ઍસિડની પરિપૂર્તિ કરી શકીએ છીએ. એ સિવાય તેમાં રહેલાં કેસિન પ્રોટીન કૅલ્શિયમની સાથે સરખી રીતે જોડાયેલાં હોય છે. 'એ', 'બી', 'સી', 'ડી', 'ઈ' અને 'કે' એ બધાં જ વિટામિનો દૂધમાં હોય છે. આપણી ચેતાઅવસ્થાને સક્રિય રાખનાર મહત્ત્વનું 'બી' વિટામિન તેમાં પૂરા પ્રમાણમાં હોય છે. સંક્ષિપ્તમાં કહીએ તો દૂધ આરોગ્ય માટે લાભકારક જ છે.

દૂધ કેવી રીતે લેવું જોઈએ :

દૂધ પચવામાં ઘણું હલકું હોય છે, તેથી સૌ કોઈને તે પચવામાં સહેલું લાગે તેવું નથી. દૂધમાં સાકર ભેળવીને પીવાથી પચવામાં વધુ તકલીફ થાય છે. સાકરના ભળવાથી કફનો ત્રાસ થવાની શક્યતા વધી જાય છે. જેમની પાચનશક્તિ ખૂબ સારી છે તેઓ દૂધ ગમે ત્યારે લે તોપણ તકલીફ થતી નથી. કેટલાકને તો દૂધમાં રહેલી 'લેક્ટોજ' નામની સાકરથી તકલીફ થાય છે, કારણકે તેને પચાવવા માટે જરૂરી પાચકતત્ત્વો તેમના શરીરમાં પર્યાપ્ત પ્રમાણમાં તૈયાર થતાં નથી અને 'લેક્ટોજ ઈન્ટોલરન્સ'ના કારણે પેટમાં ચૂંક (આંકડી) આવે છે, પેટ ફૂલી જાય છે, ઝાડા થાય છે કે ચક્કર આવે છે. આવાં લક્ષણો જોવાં મળે ત્યારે નીચે જણાવ્યામાંથી થોડા ઉપાય થઈ શકે છે.

- ❖ ડૉક્ટરની સલાહ લઈ પાચકતત્ત્વોની ગોળી લેવી.
- ❖ દૂધમાં સૂંઠ, હળદર, એલચી અને જાયફળની થોડીક ભૂકી નાખીને પીવું.
- ❖ ખીર, રબડી, બાસુંદી જેવા ઘટ્ટ (જાડા) ખાદ્યપદાર્થોથી દૂર રહેવું.
- ❖ દૂધ આમ તો રેચ (ઝાડા) પેદા કરવાના થોડા ગુણધર્મ ધરાવે છે તેથી કબજિયાત દૂર કરવા માટે તેનો ઉપયોગ થાય છે. તેથી રાત્રે સૂતી વખતે એક કપ ગરમ દૂધમાં બે ચમચા ઘી અથવા એક ચમચો બદામનું તેલ નાખીને પીવું જોઈએ.

દહીં :

દૂધને જમાવવાથી જે તૈયાર થાય છે તે દહીં. આ પ્રક્રિયા દરમિયાન તેમાં રાસાયણિક ફેરફાર થાય છે અને દૂધમાંના લેક્ટોજનું લેક્ટિક ઍસિડમાં રૂપાંતર થાય છે. આ ઍસિડની શરીરમાં હાજરી રહેવાથી શરીરમાં કૅલ્શિયમનું શોષણ વધુ સારી રીતે થાય છે. આ તત્ત્વ પચવામાં સહેલું હોય છે. તેથી દૂધના કારણે પેદા થતી તકલીફ દહીંના સેવનથી જોકે ઓછી થાય છે. દહીંમાં દૂધનાં અન્ય બધાં તત્ત્વો એટલે કે કૅલ્શિયમ, ફોસ્ફરસ, ફોલિક ઍસિડ હોય જ છે. તેથી દહીં પોષક છે. તેના સેવનથી પેટ જલદી ભરાઈ જાય છે તથા સતત ભૂખ લાગવાનું ઓછું થાય છે. વજન વધારવા માટે (વેઈટ ગેન) આપણે જ્યારે આહારનું નિયોજન કરીએ છીએ ત્યારે તેમાં દહીંનો સમાવેશ કરીએ છીએ. દહીં-ભાતનો ખોરાક કે દહીંમાં શાક નાખીને બનાવેલું રાયતું અથવા ફક્ત વાટકી ભરી દહીં આહારમાં લેવું જોઈએ. દહીંથી પ્રોટીનની ખામી દૂર થાય છે અને આપણાં હાડકાં, દાંત તથા નખ પણ મજબૂત રહે છે. ખાટા દહીંને ચામડી માટે ફેસપૅક તૈયાર કરવા માટે ઉપયોગમાં લેવાય છે.

દહીં કેવું હોવું જોઈએ? :

- ❖ ઘરે જમાવેલું તાજું અને ઘટ્ટ દહીં ઉત્તમ.
- ❖ પીળું થઈ ગયેલું દહીં ખાવું નહીં. વાસી તથા ખાટું બની ગયેલું દહીં ખાવામાં હાનિકારક જ છે. ખરાબ દહીં ખવાઈ જાય તો તે ચામડીને તકલીફ કરી શકે છે.
- ❖ ખરીદેલા દહીંમાં જિલેટન જેવી વસ્તુ ભેળવેલી હોઈ શકે છે. તેથી દહીંનો દવા તરીકે ઉપયોગ કરવો હોય તો બજારનું દહીં ન લેવું

દહીંથી થતી તકલીફ અને તેનો ઉપાય :

દહીં કફકારક અને ઠંડું હોવાથી શરદી, સાયનસ, ઉધરસ, ગળામાં ખરસ જેવી તકલીફો ઉદ્‌ભવી શકે છે. આ તકલીફો દૂર કરવા માટે કેટલાક ઉપાયો છે.

- ❖ જેમને વારંવાર આવી તકલીફ થતી હોય તેમણે દહીંની વપરાશ ઓછી કરવી. તેમના માટે દૂધમાં સૂંઠ નાખીને થોડું ઉકાળ્યા બાદ દહીં જમાવવું અને તે ઉપયોગમાં લેવું.
- ❖ દહીંમાં સૂંઠ, કાળા મરી, તજનો થોડો ભૂકો નાખીને જ ખાવું.
- ❖ જો ખાટું દહીં ખાધું હોય તો જમ્યા પછી થોડા થોડા સમયે ગરમ પાણી પીતા રહેવું.
- ❖ આયુર્વેદ મુજબ રાત્રે બની શકે તો દહીં ખાવું નહીં.
- ❖ દહીં અને વિવિધ ફળો એકસાથે ભેળવીને ખાવાં નહીં.

છાશ :

દહીંમાં પાણી નાખીને સારી રીતે વલોવીને છાશ તૈયાર કરવામાં આવે છે. તે માટે ખૂબ જ વલોવવું જરૂરી છે. આમ કરવાથી તેમાં ઉષ્ણતા પેદા થાય છે અને તેથી છાશ પચવામાં હલકી બને છે. દહીંના બધાં ગુણધર્મો, જીવનસત્ત્વ અને મૂળ તત્ત્વો તેમાં હોય છે.

ક્યારે પીવી જોઈએ ? :

રોજિંદા ભોજનમાં છાશ લેવી. તે પાચક, ગૅસનાશક અને ઠંડક આપનારી છે. તાપમાંથી આવ્યા પછી ઠંડી છાશ પીવાથી શરીરને શાંતિ થાય છે. ઝાડા, કોલાયટીસ અને પેટનાં અન્ય દરદો માટે છાશ અને ભાતનું સેવન કરવાની સલાહ આપવામાં આવે છે. અપચો થયો હોય તેવા કિસ્સામાં એક-બે દિવસ ફક્ત છાશ પર જ રહેવું જોઈએ.

છાશ કેવી હોવી જોઈએ ? :

- ❖ છાશ ખૂબ ખાટી અને વાસી ન હોવી જોઈએ.
- ❖ છાશનો રંગ પીળો પડી જાય તો ન પીવી તેમ જ તેમાંથી વાસ આવતી હોય તોપણ તે ન વાપરવી જોઈએ.
- ❖ છાશ ખૂબ ઘાટી ન હોવી જોઈએ. ખૂબ પાણી નાખીને પાતળી બનાવીને પીવી.

કેવી રીતે પીશો ? :

- ❖ છાશમાં જીરાળુ અને મીઠું જરૂર નાખવા. સૂંઠ, કાળા મરી અને હિંગ નાખીને પણ છાશ પી શકાય.
- ❖ ખાટી છાશથી શરદી થઈ જાય તો ગરમ પાણીમાં હળદર-મીઠું નાખી કોગળા કરવા.
- ❖ ગરમ પાણીમાં થોડો આદુંનો રસ અને મધ નાખીને પીતા રહેવું.

BIO DATA

Name	: **RACHIT HARESH SHAH**
Bd/Bp/Bt	: 20-4-1987 / Matunga-Mumbai / 03:50 am
Height	: 5'-7" * **Weight :** 72 kg
Education	: Master of Science (MS) in Electrical and Computer Engg. Georgia Institute of Technology-USA Bachelor of Engg (BE) in Electronics Engg. D. J. Sanghvi College of Engg, Vile Parle (W), Mumbai.
Work	: Intel Corp. in Santa Clara, California (Silicon Valley) - 2011 onwards
Religion	: Vishashrimali Derawasi Jain, Ghoghari
Father	: Haresh Chimanlal Shah (+91-9821063600) rachitent@hotmail.com Mfrs. of Flocks (Velvet Powder); Factory at Dahanu Road.
Mother	: Priti H. Shah (+91-9819733544)
Sibling	: Prachi Jimit Mehta (Married to son of Ashokbhai Kantilal Mehta in Ghatkopar, Mumbai)
Dadaji	: Chimanlal Jagjivandas Shah, Dahanu Road
Nanaji	: Pravinchandra Dayalal Parekh, D/1309, Krushal Towers, Chembur, Mumbai
Native	: Talaja, Dist. Bhavnagar
Address	: 702, Legacy, 17, Dadabhai Road, Near Bhavan's College, Andheri (W), Mumbai - 4 00 058.
Phone	: (+91-22) 26287733 / 34

ADVT.

NOTE: I will be in India from July 3, to July 19, 2015

લગ્નઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

યુવતી

નં.	નામ, જન્મતારીખ, ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય	ધર્મ, મૂળ વતન, હાલ	સંપર્ક
૧)	મુક્તિ ચેતનભાઈ કાપડિયા, ૨૧-૧૧-૧૯૮૯, ૫'-૦'' Computer Eng., –	વીસા શ્રીમાળી સ્થા. જૈન ખંભાત – મુંબઈ	(ઘર) ૨૯૬૭૩૭૭૭ (મો) ૯૮૯૨૬૩૩૪૪૨
૨)	દિપાલી બિપીનચંદ્ર ઝવેરી, ૨૬-૪-૧૯૭૬, ૫'-૦'' S.S.C. –	સુરત વીસા ઓસ. દેરા. જૈન સુરત – અંધેરી	— (મો) ૯૭૬૯૦૫૮૭૧૫
૩)	નિપા બિપીનભાઈ શાહ, ૨૯-૧૧-૧૯૭૮, ૫'-૪'' B.Com., –	ઘો. વી. શ્રી. દેરા. જૈન પાલિતાણા – ઘાટકોપર	(ઘર) ૨૧૦૨૩૨૭૮ (મો) ૯૮૧૯૩૩૩૫૮૦
૪)	જલ્પા જયકાન્તભાઈ શાહ, ૨૨-૧-૧૯૮૫, ૫'-૪'' B.Com., –	ઘોઘારી વીસા શ્રીમાળી જૈન શિહોર – ગોરેગામ (વે)	(ઘર) ૨૮૭૫૭૫૩૫ (મો) ૯૩૨૩૩૩૪૩૦૭
૫)	ઈશા પ્રકાશભાઈ શાહ, ૧૦-૬-૧૯૮૦, ૫'-૦'' S.S.C., – (છૂટાછેડા લીધેલ છે)	દેરાવાસી જૈન પાલનપુર – બોરીવલી	(મો) ૮૯૭૬૧૩૮૮૪૦ ૯૭૦૨૮૮૫૭૯૮

યુવક

નં.	નામ, જન્મતારીખ, ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય	ધર્મ, મૂળ વતન, હાલ	સંપર્ક
૧)	વિશાલ બિપીનચંદ્ર ઝવેરી, ૮-૧૨-૧૯૭૩, ૫'-૬'' S.S.C., –	સુરત વીસા ઓસ. દેરા. જૈન સુરત – અંધેરી	— (મો) ૯૭૬૯૦૫૮૭૧૫
૨)	સોહિલ ભરતભાઈ મહેતા, ૯-૩-૧૯૮૬, ૫'-૭'' B.Com., –	દેરાવાસી જૈન મોરબી – બોરીવલી (વે)	(મો) ૯૩૨૩૧૧૪૬૯૫ ૯૮૭૦૨૫૯૩૫૧
૩)	અમિત નરેશભાઈ શાહ, ૧૦-૧૧-૧૯૮૧, ૫'-૭'' B.Com., –	વીસા ઓ. મૂ. પૂ. દેરા. જૈન ટાકરવાડા – બોરીવલી	— (મો) ૮૨૯૧૩૮૩૮૭૮
૪)	ચેતન હસમુખભાઈ શાહ, ૨૯-૭-૧૯૭૫, ૫'-૬'' B.Com., –	દેરાવાસી જૈન બોટાદ – બોરીવલી	(ઘર) ૨૮૦૮૪૪૩૫ (મો) ૯૮૧૯૬૫૭૦૪૯
૫)	કૈવેન એન. ટોલિયા, ૯-૧-૧૯૮૨, ૫'-૧૦'' H.S.C., –	ઝા. દ. શ્રી. સ્થા. જૈન સુરેન્દ્રનગર	(મો) ૯૮૨૦૩૨૪૬૭૮ ૯૮૧૯૧૫૫૫૧૧
૬)	હેમંત સુરેન્દ્રભાઈ શાહ, ૩-૧૨-૧૯૮૫, ૫'-૯'' B.Sc., (I.T.), M.C.A., – સૉફ્ટવેર એન્જિનિયર	વીસા ઓસ. શ્વે. મૂ. પૂ. જૈન વિજાપુર – અંધેરી (વે)	(ઘર) ૨૬૨૦૪૭૯૧ (મો) ૯૦૦૪૧૮૯૩૪૧
૭)	યશ વિક્રમભાઈ શેઠ, ૧૧-૯-૧૯૮૬, ૫'-૪'' B.Com., – (મો.: ૯૩૨૦૦૦૭૪૪૫)	સ્થાનકવાસી જૈન વઢવાણ – મુંબઈ	(ઘર) ૨૩૬૭૨૮૮૨ (મો) ૯૯૬૯૧૯૨૨૪૮
૮)	રાજન કિરીટભાઈ મહેતા, ૭-૪-૧૯૮૫, ૫'-૧૦'' H.S.C., – બિઝનેસ (પ્રિન્ટિંગ પ્રેસ) (નિર્દોષ છૂટાછેડા)	દશા શ્રીમાળી સ્થા. જૈન વરાડિયા – ઘાટકોપર	(ઘર) ૨૧૦૨૩૭૭૪ (મો) ૯૮૨૧૪૪૨૮૫૦

શ્રદ્ધાંજલિ



સ્વ. પ્રફુલ્લભાઈ મુગટલાલ શાહ

જન્મ : તા. ૨૪-૩-૧૯૪૮

અરિહંત શરણ : તા. ૫-૬-૨૦૧૫

સુરેન્દ્રનગર નિવાસી શ્રી પ્રફુલ્લભાઈ શાહના અવસાનથી જેજેસીને એક ન પુરાય તેવી ખોટ પડી છે. જેઓ કુટુંબવત્સલ, પ્રેમાળ, નિખાલસ, સેવાભાવી અને મુશ્કેલીના સમયમાં અન્ય માટે પરદુ:ખભંજક રહેનાર હતા તેમના નિધનથી એલ.ટી. પરિવારને આવી પડેલ આ દુ:ખદ પળમાં જેજેસી આશ્વાસનની હૂંફ પાઠવી સહભાગી થાય છે અને પ્રફુલ્લભાઈનો દિવંગત આત્મા જ્યાં પણ વિચરતો હોય ત્યાં પરમ શાંતિ પામે તેવી ઈશ્વરને પ્રાર્થના...

સેન્ટ્રલ બોર્ડમાં સેક્રેટરી તરીકે ચાર વર્ષ અને ત્યાર બાદ વાઈસ ચૅરમૅન તરીકે છ વરસ સુધી અમૂલ્ય સેવા આપી મુંબઈ બહારના બધા જ જેજેસી-સેન્ટર્સ સાથે સતત સંપર્કમાં રહેતા હતા. જેજેસીના ૬૫,૦૦૦ સભ્યો તેમને ભાવભરી શ્રદ્ધાંજલિ આપે છે.

લિ.

જેજેસીના સર્વે ૧૬૦ સેન્ટર તથા ૬૫,૦૦૦ સભ્યો વતી

ચૅરમૅન શ્રી રમેશભાઈ મોરબિયા
જેજેસી-સેન્ટ્રલ બોર્ડ

ચૅરમૅન શ્રી જિતેન્દ્ર કોઠારી
જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ

Patrika Chenal Stg. Office, Mumbai-1 to be Published on 15th & Posted on 25-26/06/2015
Price Rs.5-00 JAGRUTI SANDESH RNI No. 66215/96 Regd. No. MH/MR North East/03/2013-2015

NO PRESERVATIVES

VEERPRABHU

Where **Quality** Comes **Naturally**

100% BACTERIA FREE

ગુજરાતના કચ્છ, જુનાગઢ અને વલસાડ જિલ્લાના પ્રખ્યાત ફાર્મની કેસર કેરી માથી બનાવવામાં આવેલ કેસર કેરી નો રસ (આમરસ)

Available in 850g & 3.1Kg

For better taste, CONSUME CHILLED

આપણા જૈન ભાઈઓ / બહેનો માટે ખુશ ખબર

૨૫ વર્ષથી દુનિયા ના ઘણા દેશોમાં **Export** થઈ રહેલો King Brand કેસર કેરીનો મીઠો-મધુરો રસ હવે મુંબઈના આંગણે આગમન થઈ ગયેલ છે. **Pure King Brand** કેસર કેરીના રસને ડબ્બામાં પેક કરતા પહેલા અડધો કલાક 98°C Temperature થી **Pesturized** કરીને પછી ડબ્બામાં Vacuum Pack કરવામાં આવેલ છે. જેના લીધે કેસર કેરીના રસની Shelf Life બે વર્ષ રહે છે.

ઉપવાસમાં વપરાતા ગરમ પાણીમાં પણ સુક્ષ્મ કિટાણુઓ જે **98°C** મા પણ મરતા નથી એવા જીવાણીઓ પણ **KING BRAND**ના કેસર કરીના રસમાં રહેતા નથી, કારણ કે ડબ્બાને **Vaccum** કરીને **Pack** કરવામાં આવેલ છે.

KING KESAR કેરીનો રસ **Preservative, Colour & Essence** વગરનો શુદ્ધ અને **Hygenic** છે. આ બધી પ્રક્રિયા **ISO 22000 Certified Factory** (જે **USA**ની **FDA** પણ **Approve** કરેલ છે)માં તૈયાર કરવામાં આવેલ છે.

કેરીનું ફળ તો માત્ર સિઝનમઇં ૩ મહિનાજ ખાવામાં મળેછે જ્યારે **King** કેસર કેરીનો રસ તો ૩૬૫ દિવસ અને દરેક વર્ગના માણસ ને પોસાય એવા ભાવે મળી રહે છે. માટે આજેજ એક ફોન કરો અને તમારો ઓર્ડર લખાવી તમારા ભોજન નો અનેરો આનંદ માણો.

VEERPRABHU EXPORT HOUSE
MUMBAI - INDIA • Email:jenil@mtnl.net.in • www.veerprabhu.com • Customer Care No.: 022 - 2501 4136

ADVT

Printed & Published by : **RAMESH JETHALAL MORBIA** on behalf of **JAIN JAGRUTI CENTRE,** Printed at **ARIHANT PRINTING PRESS,** Plot No. 310, Saibaba Nagar, Behind Trikal Bldg.,Pant Nagar, Ghatkopar (East), Mumbai - 400 075 and Published from Jain Jagruti Centre, Central Board Charitable Trust, 201, Mathura Arcade, Subhash Road, Vile Parle (East), Mumbai - 400 057. Editor : **RAMESH MAGANLAL SANGHVI**